dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નુ સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 51 | AD - 2024, kartak Vad - 09 | Sunday, Dt.24-11-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પરિણામ

# મહારાષ્ટ્રમાં મહાયુતીની સુનામી, ૨૩૦ બેઠકો પર વિજયી

મુંબઈ,તા.૨૩

મહારાષ્ટ્ર વિધાનસભાની ચુંટણીના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા છે.જેમાં ભાજપના ગઠબંધન હેઠળની મહાયુતિએ ૨૮૮ વિધાનસભા બેઠકોમાંથી ૨૩૦ બેઠકો પર જીત હાંસલ કરી છે જયારે કોંગ્રેસના નેતૃત્વવાળી એમવીએ માત્ર ૪૬ બેઠકો પર સમેટાઈ ગઈ છે.જયારે અન્યના ફાળે સાત બેઠકો આવી છે.ભાજપે એકલા હાથે ૧૩૨ બેઠકો જીતી છે જયારે શિવસેના શિંદે જુથને ૫૭ બેઠકો મળી છે.જયારે એનસીપી અજિત જુથને ૩૯ બેઠકો મળી છે જયારે એવીએના સાથી પક્ષોમાં કોંગ્રેસને ૨૬, શિવસેના ઉદ્ધવ જુથને ૨૦ અને એનસીપી શરદ જુથને ૧૦ હેઠકો મળી છે.મહારાષ્ટ્રમાં મહાયુતિની જીત બાદ મહારાષ્ટ્રમાં ઉજવણી કરવામાં આવી હતી.દેવેન્દ્ર ફડનવીસ અને એકનાથ શિંદેના નિવાસ સ્થાને કાર્યકરો એકત્રિત થઈ ગયા હતાં અને ઢોલ નગારા સાથે નાચ ગાન કરવા લાગ્યા હતાં. આ ઉપરાંત દિલ્હી ભાજપ કાર્યાલય ખાતે પણ ઉજવણી કરવામાં આવી હતી.

મહારાષ્ટ્રમાં મહાયુતિને બહુમતી મળ્યા બાદ હવે સરકાર બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચૂંટણી પરિણામો પર ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો દર્શાવે છે કે રાજ્ય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સમર્થન આપે છે. તેમનું સૂત્ર, જો કોઈ સુરક્ષિત છે, જનતાએ તે સાબિત કર્યું છે. લાડકી બહેનોનો આભાર, જનતાએ પોતાનો મત રાષ્ટ્રીય વિચારો માટે લડતી પાર્ટીને આપ્યો છે. ફડણવીસે કહ્યું, કે આ એકનાથ



શિંદે, અજિત પવાર અને અમારી એકતાની જીત છે. આ સમગ્ર મહાયુતિની જીત છે.મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ ના પરિણામોએ ભાજપ અને મહાયુતિના સમર્થકોના ચહેરા પર સ્મિત લાવ્યું છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો પ્રમાણે સમગ્ર સ્થિતિ ઊંધી વળતી જોવા મળી રહી છે. મહારાષ્ટ્રમાં ભાજપની રેકોર્ડ જીત માટે દેવેન્દ્ર ફડણવીસ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ તરફથી મળેલા સંપૂર્ણ સમર્થનને રાજકીય નિષ્ણાતો શ્રેય આપી રહ્યા છે.

મહાયુતિ મહારાષ્ટ્રમાં સરકારનું પુનરાવર્તન કરતા દેવેન્દ્ર ફડણવીસને આગામી મુખ્યમંત્રી તરીકે લાવવાની માંગ વધુ વધી છે.મહારાષ્ટ્રના આગામી મુખ્ય પ્રધાન વિશે જ્યારે પૂછવામાં આવ્યું ત્યારે ભાજપના નેતા પ્રવીણ દરેકરે કહ્યું, "મુખ્ય પ્રધાન મહાગઠબંધનમાંથી હશે અને દેખીતી રીતે, સૌથી મોટી પાર્ટી પાસે વધુ ચાન્સ છે અને ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી રહ્યો છે, જો બીજેપી પાસે હોય તો. મુખ્યમંત્રી, તે દેવેન્દ્ર ફડણવીસ હશે.દેવેન્દ્ર ફડણવીસની માતા સરિતા ફડણવીસે પણ કહ્યું કે તેમના પુત્રએ ચૂંટણીમાં સખત મહેનત કરી છે અને કોઈ શંકા વિના તે મુખ્યમંત્રી બનશે. લોકસભા ચૂંટણી ૨૦૨૪માં મહારાષ્ટ્રમાં ભાજપના ખરાબ પ્રદર્શન પછી, તેમણે સંઘના ટોચના નેતૃત્વ સાથે ઘણી બેઠકો કરીને આ અંતરને ઓછું કર્યું. કારણ કે જેપી નડ્ડાનું નિવેદન સંઘની નારાજગી છતી કરી રહ્યું હતું. આ વખતે વિધાનસભાની ચૂંટણીમાં તેમણે ખુલ્લેઆમ 'અરાજકતાવાદીઓ અને વોટ જેહાદીઓ' સામે લડવામાં સંઘની મદદ માંગી હતી. તે જ સમયે, મતદાન પૂર્ણ થયા પછી પણ, ફડણવીસ સંઘ કાર્યાલય ગયા અને સરસંઘચાલક મોહન ભાગવત સહિતના વરિષ્ઠ નેતાઓને મળ્યા. ઓડિશા, હરિયાણા અને જમ્મુ-કાશ્મીરની જેમ મહારાષ્ટ્રમાં પણ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે ચૂંટણીમાં ભાજપને ખુલ્લેઆમ મદદ કરી હતી. સંઘે તેના ૬૫ થી વધુ સંલગ્ન અને સમાન વિચારધારા ધરાવતા સંગઠનો દ્વારા રાજ્યમાં 'સજગ રહો' નામનું અભિયાન ચલાવીને મતદારોમાં જાગૃતિ ફેલાવી. મહારાષ્ટ્રમાં ભાજપ અને મહાયુતિની તરફેણમાં હિંદુ મતોને મજબૂત કરવા માટે સંઘે સૂક્ષ્મ સ્તરે પોતાની તાકાત લગાવી દીધી છે. મહારાષ્ટ્રના નાગપુર શહેરમાં સંઘની સ્થાપનાને કારણે તેને હિંદુ શક્તિઓનો ગઢ પણ માનવામાં આવે છે.

એ યાદ રહે કે ૨૦૧૯ વિધાનસભા ચૂંટણીમાં મુખ્ય મુકાબલો બે મુખ્ય ગઠબંધન વચ્ચે હતો. પ્રથમ, ભાજપ અને શિવસેનાનું ગઠબંધન, જે તે સમયે સરકારમાં હતું. તે જ સમયે કોંગ્રેસ અને એનસીપીને વિપક્ષી ગઠબંધનમાં સામેલ કરવામાં આવ્યા હતા. જ્યારે પરિણામો આવ્યા ત્યારે ભાજપને ૨૮૮ સભ્યોની વિધાનસભામાં સૌથી વધુ ૧૦૫ બેઠકો મળી હતી. તે જ સમયે, ભાજપના સહયોગી શિવસેનાને ૫૬ બેઠકો મળી હતી.

### નવી મહાયુતિ સરકારનો ૨૫ નવેમ્બરે શપથગ્રહણ સમારોહ

ભાજપની આગેવાની હેઠળની ગઠબંધન મહાયુતિએ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં શાનદાર જીત નોંધાવી છે. રાજ્યમાં ફરી એકવાર તેની સરકાર બની રહી છે.રાજ્યમાં બમ્પર બહુમતી બાદ હવે મહાયુતિમાં સીએમ પદ માટે જંગ જામશે. એકનાથ શિંદેએ કહ્યું છે કે ત્રણેય પક્ષો સાથે મળીને નિર્ણય લેશે. તેમણે એમ પણ કહ્યું કે એ નિશ્ચિત નથી કે જેને વધુ સીટો મળી છે તે સીએમ બનશે. એકનાથ શિંદે જૂથના તમામ વિજેતા ધારાસભ્યોને આવતીકાલે મુંબઈમાં બેઠક માટે બોલાવવામાં આવ્યા છે. નવી મહાયુતિ સરકારનો શપથ ગ્રહણ સમારોહ વાનખેડે સ્ટેડિયમમાં યોજાશે. કહેવામાં આવી રહ્યું છે કે નવી સરકાર ૨૫ નવેમ્બરે શપથ લઈ શકે છે. આ શપથ વિધિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ,કેન્દ્રીય મંત્રીઓ અને ભાજપ શાસિત રાજયોના મુખ્યમંત્રીઓ હાજર રહી શકે છે અગાઉ ૨૦૧૪માં પણ આ જ વાનખેડે સ્ટેડિયમમાં શપથ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ૮૧ માંથી ૫૬ બેઠક જીતી

# ઝારખંડમાં ફરી એકવાર હેમંત સોરેન સરકાર

રાંચી,તા.૨૩

ઝારખંડમાં હેમંત સોરેનની પાર્ટીએ જીત હાંસલ કરી હતી ઝારખંડમાં આવું પહેલીવાર થઈ રહ્યું છે જ્યારે કોઈ પાર્ટી મજબૂતાઈથી સત્તામાં પરત ફરી રહી છે. જયારે ભાજપના પરાજયના પાંચ કારણો છે ઝારખંડમાં ૨૪ વર્ષનો રાજકીય રેકોર્ડ તૂટી ગયો છે. રાજ્યમાં પહેલીવાર કોઈ પાર્ટી તાકાત સાથે સત્તામાં વાપસી કરી છે. હેમંત સોરેન ગઠબંધનને સંપૂર્ણ બહુમતી મળી રહી છે. હેમંત ગઠબંધન ઝારખંડમાં ૮૧માંથી ૫૬ સીટો જીતી છે આવી સ્થિતિમાં સવાલ એ ઉઠી રહ્યો છે કે તમામ તાકાત લગાવવા છતાં ભાજપ ઝારખંડમાં કેવી રીતે સત્તામાં ન આવી શક્યું?



ભાજપના કારણો જોઈએ તો મુખ્યમંત્રીનો કોઈ ચહેરો નથી- ભારતીય જનતા પાર્ટી પાસે સ્થાનિક સ્તરે કોઈ મજબૂત ચહેરો નહોતો. પાર્ટીમાં સીએમ ચહેરાના બે અગ્રેસર (બાબુ લાલ મરાંડી અને ચંપાઈ સોરેન) હતા. રસપ્રદ વાત એ છે કે બંને ટર્નકોટ હતા. ચંપાઈ વિધાનસભા ચૂંટણી પહેલા જ ભાજપમાં જોડાઈ ગયા હતા.

એક્સિસ માય ઈન્ડિયાના એક્ઝિટ પોલ મુજબ, હેમંતની લોકપ્રિયતા ઝારખંડમાં ચંપાઈ અને બાબુ લાલ કરતા બમણી હતી. આ પોલમાં ૪૧ ટકા લોકોએ હેમંતને મુખ્યમંત્રી તરીકે પસંદ કર્યા છે. તેની સરખામણીમાં ચંપાઈને ૭ ટકા લોકોએ પસંદ કરી હતી અને મરાંડીને ૧૩ ટકા લોકોએ પસંદ કરી હતી.ર. મહિલાઓ એક અલગ વોટ બેંક છે- જુલાઈ ૨૦૨૪માં ખુરશી સંભાળ્યા બાદ હેમંત સોરેને મહિલા વોટ બેંક પર ધ્યાન કેન્દ્રિત કર્યું. સોરેને મહિલાઓ માટે મૈયા સન્માન યોજના લાગુ કરી. આ યોજના હેઠળ, દરેક મહિલાઓના બેંક ખાતામાં દર મહિને ૧૦૦૦-૧૦૦૦ રૂપિયા જમા કરવામાં આવ્યા હતા.

ભાજપ આનો ઉકેલ શોધી શકી નથી. આ સાથે જ હેમંતે તેની પત્ની કલ્પનાને પણ ચૂંટણી મેદાનમાં ઉતારી છે. કલ્પનાએ આખી ચૂંટણીમાં લગભગ ૧૦૦ રેલીઓ યોજી હતી. આ રેલીઓમાં મહિલાઓની ભારે ભીડ જોવા મળી હતી.એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ફાયદો સીધો હેમંત સોરેનને થયો.

આદિવાસીઓમાં ગુસ્સો- ઝારખંડના આદિવાસી પ્રભુત્વવાળા વિસ્તારોમાં હેમંત એકતરફી જીતી રહ્યો હોય તેવું લાગે છે. હેમંત સમગ્ર ચૂંટણી દરમિયાન આદિવાસી ઓળખનો મુદ્દો ઉઠાવતા હતા. તેમની પાર્ટીએ કહ્યું કે સંપૂર્ણ બહુમતી હોવા છતાં હેમંતને તેમનો પાંચ વર્ષનો કાર્યકાળ પૂરો કરવા દેવામાં આવ્યો ન હતો.

હેમંતની પાર્ટી પણ ખતિયાણી અને અનામત જેવા મુદ્દે ભાજપને ઘેરી રહી હતી. વાસ્તવમાં, આ મુદ્દાઓ પર વિધાનસભા દ્વારા એક ઠરાવ પસાર કરવામાં આવ્યો છે, પરંતુ રાજ્યપાલે તેને મંજૂરી આપી નથી. હાલમાં કેન્દ્રમાં માત્ર ભાજપની સરકાર છે.

ઝારખંડમાં કુડમી મતદારો એજેએસયુ સાથે એક થયા હતા, પરંતુ આ વખતે જયરામ મહતોના પ્રવેશને કારણે આ વોટ બેંક તેમનાથી વિખેરાઈ ગઈ. આ વખતે પણ ભાજપે સુદેશ મહતો સાથે સમજૂતી કરી હતી, પરંતુ સુદેશ મહતોની પાર્ટી માત્ર ૨-૩ સીટો પર જ લીડ મેળવતી દેખાઈ રહી છે.

કુડમીસને ઝારખંડમાં નિર્ણાયક મતદાતા માનવામાં આવે છે. ખાસ કરીને કોલ્હન અને કોયલાંચલ વિસ્તારોમાં. કુડમી મતદારો વિખેરાઈ જવાથી હેમંતના મુખ્ય મતદારો વધુ મજબૂત બન્યા છે.

બોકારોના મજબૂત નેતા બિરાંચી નારાયણ પાછળ પડતાં જણાય છે. દેવઘરના નારાયણ દાસની પણ આવી જ હાલત છે. ગોડ્ડાનો અમિત મંડલ પણ ઘણો પાછળ છે. જગન્નાથપુરના મધુ કોડાની પત્ની પણ પાછળ જોવા મળી છે. એટલે કે એકંદરે જે બેઠકો પર ભાજપે મોટા નેતાઓને તૈનાત કર્યા હતા. પાર્ટી ત્યાં નિષ્ફળ સાબિત થઈ રહી છે. મોટા નેતાઓની બેઠકો ન જીતવી એ પણ ભાજપ માટે આંચકો છે.




# યુપી વિધાનસભા પેટાચૂંટણી : ૯માંથી ભાજપે ૭, સપાએ માત્ર બે બેઠક જીતી



લખનૌ,તા.૨૩

સીએમ યોગી આદિત્યનાથે ઉત્તર પ્રદેશ પેટાચૂંટણીમાં ભાજપની જીતનો શ્રેય વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના કાર્યકરોને આપ્યો છે. ભાજપની જીત બાદ લખનૌમાં પત્રકાર પરિષદ યોજીને તેમણે પ્રતિક્રિયા આપી. તેમણે ઝારખંડ અને મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો પર પણ નિવેદન આપ્યું હતું. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું, "આજનો દિવસ ખૂબ જ મહત્વપૂર્ણ છે. મહારાષ્ટ્ર અને ઝારખંડની વિધાનસભાના પરિણામો આવી ગયા છે અને વિવિધ રાજ્યોની પેટાચૂંટણીના પરિણામો પણ સ્પષ્ટ થઈ ગયા છે. ઉત્તર પ્રદેશમાં ભાજપ ગઠબંધનને ૭ બેઠકો મળી છે. પ્રદેશ પેટાચૂંટણીનો શ્રેય વડાપ્રધાન મોદીના નેતૃત્વને જાય છે. કુંડાર્કીમાં એસપીની સિક્યોરિટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવી રહી છે. સપા કુંડારકી, કરહાલ અને સિસમાઉની ચૂંટણીઓ રદ કરવા માંગતી હતી. સિસમાઉમાં તેઓ જીત્યા છે, પરંતુ માર્જિન ઓછું છે. કેશવજી કહે છે તેમ થશે અને આગલી વખતે કરહાલ પણ જીતીશું. ડેપ્યુટી સીએમ બ્રજેશ પાઠકે કહ્યું કે, "ભાજપે ઉત્તર પ્રદેશના લોકોનો વિશ્વાસ જીતવાનું કામ કર્યું છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી વડાપ્રધાન મોદીની ગરીબ કલ્યાણ યોજનાઓને લોકો સુધી લઈ જવામાં સફળ થયા છે. આ ઉત્તર પ્રદેશનો કાયદો છે. - આ સિસ્ટમની જીત છે." યુપી પેટાચૂંટણીમાં સપાની હાર પર અજય રાયે કહ્યું - 'પહેલેથી જ નક્કી હતું, પરિણામ આવી ગયું. પેટાચૂંટણી પર નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યએ કહ્યું, " કથરીમાં કમળ ખીલ્યું. કરહાલમાં પણ કમળ ખીલશે, પરંતુ આજે જનતાએ ભાજપને આપેલા આશીર્વાદ છે, તમને જણાવી દઈએ કે યુપીની ૯ વિધાનસભા બેઠકોમાંથી ભાજપની ૭ બેઠકો. જ્યારે મહારાષ્ટ્ર ચૂંટણીમાં પણ બીજેપી ગઠબંધનનો જંગી વિજય થયો છે.









# ભાડુઆત નોંધણી નહીં કરાવનાર મકાન માલિકો સામે પોલીસની કડક કાર્યવાહી

**અમરેલી SOG પોલીસે ચાર મકાન માલિકો વિરુદ્ધ નોંધ્યો ગુનો**

અમરેલી,તા.૨૩

મકાન કે દુકાન ભાડે આપતા પહેલા ભાડુઆતની નોંધણી નજીકના પોલીસ સ્ટેશનમાં કરાવવી ફરજિયાત છે. આ નિયમનું ઉલ્લંઘન કરનાર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે. ગુજરાત રાજ્યના પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી (કાયદો અને વ્યવસ્થા વિભાગ), ગાંધીનગર દ્વારા જિલ્લામાં ભાડુઆત નોંધણી ચકાસણી માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. SOG પોલીસ ઈન્સ્પેક્ટર આર.ડી. ચૌધરી અને PSI એન.બી. ભટ્ટની ટીમે અમરેલી શહેરમાં પેટ્રોલિંગ દરમિયાન તપાસ કરતા ચાર મકાન માલિકોએ પરપ્રાંતીય વ્યક્તિઓને મકાન ભાડે આપ્યા હોવા છતાં પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવી ન હતી. આ ચારેય મકાન માલિકો - મુસાભાઈ ઈબ્રાહીમભાઈ મંડલ, હિમ્મતભાઈ દેવેન્દ્રભાઈ પોપટભાઈ શેલડીયા અને જયરાજભાઈ દિલિપભાઈ વર્ણાગર વિરુદ્ધ B.N.S. કલમ-૨૨૩ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

**ઢુંઢીયા પીપળીયા ગામના પરિવારનો હડાળા નજીક અકસ્માત સર્જાયો હતો**

# વાવલીયા પરિવારને સાંત્વના પાઠવતા ધારાસભ્ય કૌશિક વેકરીયા

અમરેલી,તા.૨૩



વડિયા તાલુકાના ઢુઢીયા પીપળીયા ગામનાં વાવલીયા પરિવાર ઢુઢીયા પીપળીયાથી ધારી ગળધરા ખોડિયાર માતાજીનાં મંદિરે લાપસી કરવા માટે જઈ રહ્યા હતા ત્યારે બગસરા પીઠડીયા નજીક બોલેરો જીપ પલ્ટી ખાઈ જતાં ગોઝારો અકસ્માત સર્જાયો હતો જેમાં એક મહિલાનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. જયારે ૧૬ લોકો ઈજાગ્રસ્ત થયા હતા ત્યારે આજે વડિયા તાલુકાના ઢુઢીયા પીપળીયા ગામે ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ તમામ લોકોના ખબર અંતર પૂછ્યા હતા અને વાવલીયા પરિવારના સભ્યોને સાંત્વના આપી હતી.

આ તકે અમરેલી જિલ્લા પંચાયત શાસક પક્ષના નેતા વિપુલભાઈ રાંક તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઢુંમર તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અંટાળા તાલુકા પંચાયત કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા તાલુકા પંચાયત સભ્ય ગજેન્દ્રભાઈ પટોળીયા તુષારભાઈ વેગડ સરપંચ લાલજીભાઈ વાવલીયા બિછુભાઈ બસીયા, ચેતનભાઈ દાફડા સહિતના કાર્યકરો પણ સાથે જોડાયેલા હતા

# સારહી તપોવન આશ્રમને મળ્યું ૧.૫૦ લાખનું દાન, સેવાકીય પ્રવૃત્તિઓને મળ્યો વેગ



**મુકેશભાઈ સંઘાણીએ આશ્રમને દાન આપનારાઓનો આભાર માન્યો**

અમરેલી,તા.૨૩

સારહી યુથ કલબ ઓફ અમરેલી દ્વારા સંચાલિત "નિરાધાર નો આધાર સારહી તપોવન આશ્રમ"ને તા. ૧૯ના રોજ દાતાશ્રી તરફથી દાન અર્પણ કરાયું છે. હરેશગીરી અરવિંદગીરી ગોસ્વામી અને શિવમ લાલગીરી ગોસાઈએ આ આશ્રમને રૂ. ૧,૫૦,૦૦૦/-નું દાન આપ્યું છે. આ દાન સમારોહમાં સારહી યુથ કલબના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. દાતાઓએ સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓની પ્રશંસા કરતાં તેમના ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. સારહી યુથ કલબના સભ્યોએ આ દાન આપનારાઓનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આ અવસરે એન્જીનિયર હિમાંશુભાઈ ધાનાણી, વિજયભાઈ ગોસાઈ, કીરીટભાઈ કાબરીયા, અશોકભાઈ મેશુરીયા સહીતના પદાધિકારીઓ ઉપસ્થિત હાજર રહ્યા હતા.

# સાવરકુંડલામાં ભાજપના કાર્યકર્તાઓએ મહારાષ્ટ્ર, વાવ અને યુપીની વિધાનસભાની ચૂંટણીમાં જીતની ઉજવણી કરી

સાવરકુંડલા, તા.૨૩



મહારાષ્ટ્ર વિધાનસભાની સામાન્ય ચૂંટણી અને ગુજરાતની વાવ અને ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની પેટાચૂંટણીમાં ભાજપની ભવ્ય જીત બદલ સાવરકુંડલામાં શહેર ભાજપ કાર્યકર્તાઓએ ફટાકડા ફોડીને ખુશી વ્યક્ત કરી હતી. અમરેલી જિલ્લામાં ભાજપની સૂચના અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન હેઠળ આજે રિદ્ધિ સિદ્ધિ મહાદેવ મંદિર ખાતે ફટાકડા ફોડીને વિજયની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નગરપાલિકા પ્રમુખ મેહુલ ત્રિવેદી, શહેર ભાજપ મહામંત્રી વિજયસિંહ વાઘેલા, રાજેશભાઈ નાગ્રેચા, યુવા ભાજપ પ્રમુખ અનિરુદ્રસિંહ રાઠોડ, ભાજપ અગ્રણી જીતુભાઈ કસવાલા, નગરપાલિકા સદસ્ય કિશોરભાઈ બુહા, લલીતભાઈ મારુ, વરૂણભાઈ કુંભાણી, અનિલભાઈ ગોહિલ, મુન્નાભાઈ વેકરીયા સહિતના શહેર ભાજપ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મહારાષ્ટ્ર અને વાવમાં ભાજપની જીત બદલ ઉજવણી



ચલાલા,તા.૨૩

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં પ્રચંડ બહુમતી મળવા બદલ તેમજ વાવ વિધાનસભા પેટા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરનો ભવ્ય વિજય થવાથી ધારાસભ્ય જે.વી.કાકડીયા તેમજ ભાજપ પરિવાર દ્વારા ભાજપ કાર્યાલય ખાતે ફટાકડા ફોડી જીતની ઉજવણી કરવામાં આવી હતી.

# ખાંભાના રાયડી ગામે સિંહોના આંટાફેરા, ગાયનું મારણ કરી મીજબાની માણી

અમરેલી, તા.૨૩



ખાંભા તાલુકાના રાયડી ગામમાં સિંહોની લટારનો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં સિંહો ગામની બજારોમાં આંટાફેરા મારી રહ્યા હોવાનું જોવા મળે છે. તેમજ અહિં સિંહોએ એક ગાયનો શિકાર કરી મિજબાની પણ માણી હતી. સાવજોની લટારને પગલે ગ્રામજનોમાં ડરનો માહોલ પણ છવાયો છે.ખાંભાના રાયડી ગામ આસપાસ સિંહોનો વસવાટ હોવાને કારણે અવાર નવાર ગામમાં સિંહો ઘુસી જવાની ઘટનાઓ સામે આવી રહી છે. જાફરાબાદ તાલુકાના લુણસાપુર ગામનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે, જેમાં એક જાફરાબાદી ભેંસ પર ૩ ડાલામથાંએ હુમલો કર્યો હતો, જોકે ભેંસે પ્રતિકાર કરતાં ત્રણેયની ચુંગાલમાંથી બચી શકી હતી અને નાસી છૂટી હતી.

# નશામાં ચૂર થઈને ફરતાં ૧૯ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી નશામાં ધૂત થઈને ફરતા ૧૯ ઈસમોનો ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. જાફરાબાદ બસ સ્ટેશન પાસેથી ૨ લીટર તથા તાલડા ગામેતી ૩ લીટર મળી કુલ ૫ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# સહકારી સપ્તાહની ઉજવણી બદલ અમિત શાહે દિલીપ સંઘાણીને અભિનંદન પાઠવ્યા

અમરેલી, તા.૨૩



નવીદિલ્હી ખાતે અખિલ ભારતિય સહકારી સપ્તાહ અંતર્ગત સહકારી સેમિનારના આયોજન બદલ સહકાર મંત્રી અમિત શાહે ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીને અભિનંદન પાઠવ્યા છે. તેમણે જણાવ્યું છે કે, વિકસિત ભારત માટે સહકારીતાઓની ભૂમિકા મહત્વની છે જે નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના સ્વપ્નને મજબૂત કરશે. દિલીપભાઈ સંઘાણીની અધ્યક્ષતામાં થયેલ આયોજન બદલ અમિત શાહે અભિનંદન પાઠવતા સહકારી ક્ષેત્રમાં હર્ષની લાગણી પ્રસરી જવા પામી છે.

# બગસરાના મોટા પીઠડીયા ગામે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

અમરેલી,તા.૨૩



બગસરા તાલુકાના મોટા પીઠડીયા ગામે શેલડીયા પરિવાર દ્વારા પાંચ વર્ષ પહેલા રામજી મંદિરનું નવ નિર્માણ કરી ભગવાન શ્રીરામની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ કરાયું હોય તેના પાંચ વર્ષે પૂર્ણ થતા પંચ વર્ષીય મહા યજ્ઞ મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યું હતું.















**રાજ્ય સરકારે બિલ્ડીંગ માટે રૂા.૮૩.૭૬ લાખ ફાળવતા ધારાસભ્ય કૌશિક વેકરીયાના હસ્તે**

# વડીયાની મોંઘીબા પે-સેન્ટર શાળાનું અધ્યતન બિલ્ડીંગનું ખાતમુહૂર્ત કરાયુ



વડીયા,તા.૨૩

વડિયામાં આવેલી મોંઘીબા પે સેન્ટર શાળાના અધ્યતન બિલ્ડીંગ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા ૮૩.૭૬ લાખ જેવી માતબર રકમની જોગવાઈ કરવામાં આવતા આ અધ્યતન બિલ્ડીંગની કામગીરી કરવા શરુ કરવા અમરેલી વિધાનસભાના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયાના હસ્તે ખાતમુર્હત કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સદસ્ય વિપુલ રાંક,તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલ અંટાળા, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષ ઠુંમર,ભાજપ અગ્રણી છગન ઢોલરીયા, તુષાર ગણાત્રા, તુષાર વેગડ, ચેતન દાફડા સહીતના સ્થાનિક આગેવાનો તથા મોંઘીબા પે સેન્ટર શાળા પરિવારના કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને સ્થાનિક વાલીઓ જોડાયા હતા. આ નૂતન બિલ્ડીંગ નિર્માણ પામતા વડિયાના સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોને અધ્યતન સુવિધાઓ સાથેનુ બિલ્ડીંગ પ્રાપ્ત થશે સાથે ટેકનોલોજી યુક્ત શિક્ષણ અમલમાં આવતા શિક્ષણની ગુણવતા પણ સુધરશે.

# મહારાષ્ટ્ર, યુપી, વાવમાં ભાજપની થયેલી જીતને લઈ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે ઉજવણી

**કાર્યકરોએ ભારત માતા કી જયના નારા સાથે ફટાકડા ફોડી જીતની ઉજવણી કરી**



અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે વિધાનસભામાં નાયબ મુખ્ય દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયાની ખાસ ઉપસ્થિતિમાં ઉજવણી કરવામાં આવી હતી. અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે જિલ્લા ભાજપ, તાલુકા ભાજપ, શહેર ભાજપના હોદ્દેદારોએ ભવ્ય જીતની ઉજવણી કરી હતી. ભાજપના કાર્યકર્તાઓએ ભારત માતા કી જય ના નારા લગાવ્યા અને ફટાકડા ફોડીને ભવ્ય જીતની ઉજવણી કરી હતી.

# સાવરકુંડલાની જે.વી. મોદી હાઈસ્કુલના વિદ્યાર્થીઓએ રાજ્યકક્ષાએ સિદ્ધિ મેળવી



તસવીર :સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૨૩

નવી દિલ્હીસ્થિત NCERT અને ગાંધીનગરની સમગ્ર શિક્ષા કચેરીના ઉપક્રમે રાજ્ય કક્ષાનો કલા ઉત્સવ તા. ૨૧ નવેમ્બર ૨૦૨૪ના રોજ ગાંધીનગર ખાતે યોજાયેલ હતો. તેમાં શ્રી જે. વી. મોદી હાઈસ્કુલના વિદ્યાર્થીઓએ કંઠ્ય સંગીત સ્પર્ધામાં સમગ્ર રાજ્યમાં દ્વિતીય નંબરે વિજેતા બની શાળાનું ગૌરવ વધારેલ છે.

# લાઠીનાં રાભડાં ગામે બંધારાના રીપેરીંગ માટે સરકારે રૂ. ૩૪. ૫૧ લાખ મંજૂર કર્યા

લાઠી,તા.૨૩

લાઠી તાલુકાના રાભડાં ગામે નાની સિંચાઈ યોજના પેટા વિભાગ લીલીયા હસ્તકના બંધારા બનાવવામાં આવેલ છે. આ બંધારામાં રીપેરીંગ કામ માટે લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની જહેમતના કારણે રૂ.૩૪.૫૧ લાખ મંજુર કરવામાં આવેલ છે, જે માટે સરકારના નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા તા.૦૩/૧૦/૨૦૨૪ થી સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે. આ કામમાં બંધારામાં જરૂરીયાત મુજબની તમામ રીપેરીંગ કરવા અંગેની કામગીરી કરાશે. આ બંધારાનું રીપેરીંગ કામ થયા બાદ હાલ કરતાં ખુબ જ વધારે પ્રમાણમાં વરસાદી પાણીનો સંગ્રહ



થશે. જેના માટે હાલ ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ ગુજરાત સરકારને પત્ર પાઠવી રજુઆત કરી હતી. આ બંધારા ને રીપેરીંગ કરી લોકોની સુવિધામાં વધારો થશે તેમજ આજુબાજુના વિસ્તારના પાણીના તળ ઉપર આવવાની સાથે જ ખેડૂતોને ખુબજ ફાયદો પણ થશે. આ કામ મંજુર થતા રાભડા ગામના આગેવાનો તેમજ ગામલોકો દ્વારા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# દામનગરમાં વીજ ટ્રાન્સફોર્મરની ફરતે જાળી નાખવા લોકોની માંગ





અમરેલી,તા.૨૩

દામનગરમાં વીજતંત્ર દ્વારા કોઈ ગંભીર અકસ્માત ન થાય તે માટે વીજ ટ્રાન્સફોર્મરની ફરતે જાળી નાખવામાં આવી છે. જો કે શહેરમાં કુંભનાથ વિસ્તારમાં આવેલ કોળીવાડના નાકા પાસે વીજ ટ્રાન્સફોર્મરની ફરતે જાળી નાખવામાં આવેલ ન હોવાથી લોકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. કોઈ અકસ્માત થાય તે પહેલા ટ્રાન્સફોર્મરની ફરતે જાળી નાખવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.




# માણેકવાડા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ ભાવનગરના સાયન્સ સેન્ટરની મુલાકાતે



તસવીર : વી.કે.સાંગાણી

અમરેલી,તા.૨૩

શ્રી માણેકવાડા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રુચિ વધે તેમજનવી નવી ટેકનોલોજીથી માહિતગાર થાય આવા ઉદેશ્ય સાથે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીના સહયોગ તથા ડીસ્ટ્રીક્ટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ચિલ્ડ્રન્સ મ્યુઝિયમ અને બાલભવન અમરેલીના સહકાર દ્વારા ભાવનગરના રીજનલ સાયન્સ સેન્ટરની નિઃશુલ્ક મુલાકાત શાળા માટે ઐતિહાસિક બની રહી હતી. આ મુલાકાત અંતર્ગત બાળકોએ વિવિધ ગેલેરીઓની મુલાકાત કરી જેમ કે, મરીન એકવાટિક ગેલેરી, બાયો સાયન્સ ગેલેરી, ઓટોમોબાઈલ ગેલેરી, નોબેલ પ્રાઈઝ ગેલેરી, ઈલેક્ટ્રો મિકેનિક ગેલેરી, ઓડિટોરિયમ-શોર્ટ ફિલ્મ સ્કિનિંગ ઓન ડાયનોસોર, ૩૬૦ ડિગ્રી એકવાટિક વી.આર. દ્વારા અનુભવ નિદર્શન મેળવ્યું હતું. આ સમગ્ર મુલાકાતને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય, ગિરિરાજભાઈ આસોદરિયા અને સમગ્ર સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી.










# આં.રા.બેઝબોલ ચેમ્પિયનશીપમાં સાવરકુંડલાના વિદ્યાર્થીની પસંદગી





અમરેલી,તા.૨૩

તાજેતરમાં જાપાનના MATSUYAMA અને IMBARI સિટી ખાતે તા.૨૩ થી ૨૯ નવેમ્બરના રોજ અંડર-૧૨ બેઝબોલ ચેમ્પિયનશીપ સ્પર્ધાનું આયોજન થઈ રહ્યુ છે આ આંતરાષ્ટ્રિય સ્પર્ધામાં સાવરકુંડલાનું ગૌરવ અને શ્રી સ્વામિનારાયણ ગુરુકુળના વિદ્યાથી પરમ ધર્મેશભાઈ ચુડાસમાનું ટીમ ઈન્ડિયામાં સિલેકશન થયેલું છે અને તેઓ આ આંતરાષ્ટ્રિય સ્પર્ધામાં ભાગ લેવા ગયા છે. ભાજપ ઉપાધ્યક્ષ સુરેશભાઈ પાનસુરીયાએ અભિનંદન સહ શુભકામના પાઠવી છે.




# પાદરગઢ ગામે સિંહણની રોડ પર લટાર

અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લામાં વન્યપ્રાણીઓનાં માર્ગ પર આંટાફેરા જાણે સામાન્ય બની ગયા હોય તેમ વન્યપ્રાણીઓનાં રોડ પર આંટાફેરાનાં વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થઈ રહ્યાં છે. જેમાં ધારી તાલુકાનાં હાલરીયા



પાદરગઢ રોડ પર એક સિંહણ માર્ગ પર ધસી આવતા વાહનચાલકો થંભી ગયા હતા.



## પ્રેમલગ્ન કર્યા બાદ પત્નીની રીસામણે માવતરે ચાલી જતા પતિને ખુન્નસ ચડ્યુ

# જાફરાબાદના વડલી ગામે બનેવીના હાથે સાળાની હત્યા

**લાકડાના ફટકા મારતા યુવકને હોસ્પિટલ ખસેડાયા બાદ દમ તોડ્યો**

અમરેલી,તા.૨૩

જાફરાબાદ તાલુકાના વડલી ગામમાં સામાન્ય બાબતે હત્યા કરતા નાનકડા ગામમાં ચકચાર મચી ગઈ છે. પ્રેમલગ્ન બાદ પત્નિ રિસાઈને માતા-પિતાના ઘરે જતી રહી હતી. તેની અદાવતમાં ગિન્નાયેલા બનેવીએ બજારમાં જ સાળાને પાટુ મારીને પાડી દીધો હતો. ત્યારબાદ લાકડાથી પેટના ભાગે ફટકા મારતા ગંભીર ઈજા પહોંચાડી હતી. તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો પણ ડોક્ટરે મૃત જાહેર કર્યો હતો. વડલી ગામમાં પ્રવીણભાઈ જીલુભાઈ સોલંકી નામના યુવકને તેના બનેવીએ બજારમાં જાહેરમાં પેટમાં પાટુ મારી પાડી દીધો હતો.

બાદમાં બનેવીએ લાકડું તેના પેટના ભાગે મારતાં ગંભીર ઈજાઓ થઈ હતી. પેટના ભાગે ઈજા થવાથી સાળાનું મોત થતાં મામલો મોડી



રાતે હત્યામાં પલટાયો છે. આ ઘટનાને લઈ મોડી રાતે નાગેશ્રી પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. તપાસ હાથ ધરી પોલીસ દ્વારા મૃતકની લાશ જાફરાબાદ હોસ્પિટલમાં પીએમ માટે ખસેડવામાં આવી હતી.

મૃતકના પિતાએ આરોપી સામે હત્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદના આધારે આરોપીને પકડવા માટે જુદી-જુદી દિશામાં તપાસ હાથ ધરી આરોપીને પકડવા માટેની કવાયત કરી છે. મૃતક યુવકના પિતા જીલુભાઈ પાલાભાઈ સોલંકીએ આરોપી રમેશભાઈ દાદુભાઈ બાંભણીયા સામે હત્યાની ફરિયાદ નોંધાવી છે.

જેમાં ફરિયાદી જીલુભાઈ સોલંકીની દીકરી દયાબેન રોહિસા ગામના આરોપી રમેશભાઈ દાદુભાઈ બાંભણીયા સાથે પ્રેમલગ્ન કર્યા હોવાને કારણે હાલ તે વડલી ગામે રહેતી હતી. આરોપી રમેશભાઈ હેરાન પરેશાન કરતો હતો, જેના કારણે આરોપીની પત્નિ દયાબેન મનદુઃખના કારણે વડલી પિતાના ઘરે આવી જવાના કારણે આ મનદુઃખ રાખી તેમના સાળા મૃતક પ્રવીણભાઈ સોલંકી ગામમાં દૂધ લેવા આવતા આરોપી રમેશ બાંભણીયા દ્વારા જોરથી પેટના ભાગે પાટુ મારી લાકડા વડે પેટના ભાગે મૂંઢ માર મારી ગાળો આપી જીવલેણ હુમલો કર્યો હતો. જેમાં પ્રવીણભાઈનું મોત થતાં મામલો હત્યામાં પલટાતા હત્યા થયા બાદ નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે.

# મોટા ઝીંજુડા ગામે મધ્યાહન ભોજનમાં નોકરી અપાવવાના બહાને યુવતિ સાથે છેતરપિંડી

સાવરકુંડલા, તા.૨૩

સાવરકુંડલાના મોટા ઝીંજુડા ગામે રહેતા પૂજારીની પુત્રીને મધ્યાહન ભોજનમાં ઓર્ડર અપાવી દેવાનો વિશ્વાસ આ ૪૦ હજારનો ચૂનો લગાવ્યો હતો. કેશવદાસ દલપતરામ નિમાવત (ઉ.વ.૭૨) એ અશરફભાઈ રફીકભાઈ કુરેશી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની પુત્રી ૨૦૧૪માં મોટા ઝીંજુડા ગામમાં મધ્યાહન ભોજનમાં નોકરી કરતી હતી અને તેને કોઈ કારણસર મધ્યાહન ભોજનની નોકરી પરથી મામલતદાર સાહેબે છૂટી કરી દીધી હતી. આરોપી તેમની દિકરીને પરત મધ્યાહન ભોજનમાં ઓડર કરાવી આપશે તેવા વિશ્વાસમાં લઈ ફરીયાદી પાસેથી કટકે કટકે રૂ.૪૦,૦૦૦ લઈ તેમની દિકરીને નોકરી અપાવી નહોતી. તેમજ પૈસા પરત ન આપી તેમની સાથે છેતરપીંડી વિશ્વાસઘાત કર્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અમાનભાઈ યાસીનભાઈ કાજી વધુ તપાસ કરી રહ્યા છે.

# વિસાવદરનાં કાલસારી ગામે થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી મુદ્દામાલ રીકવર કરતી ચલાલા પોલીસ

**પોલીસે બે શખ્સની ધરપકડ કરી રૂા. ૨.૭૦ લાખના સોનાનાં દાગીના ઝડપ્યા**

ધારી, તા.૨૩

વિસાવદર તાલુકાના કાલસારી ગામે એક રહેણાંક મકાનમાં ઘરફોડ ચોરીની ઘટના બની હતી. અજાણ્યા તસ્કરે રહેણાંક મકાનમાં ગેરકાયદે પ્રવેશ કરી ઘરમાં



રહેલા સોનાનાં દાગીનાની લૂંટ ચલાવી હતી. આ અંગે વિસાવદર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ પણ નોંધાઈ હતી. આ ચોરી કરનાર શખ્સ ચલાલા ગામનો હોવાની પોલીસને બાતમી મળતા પોલીસે દાનેવ સોસયટીમાં રહેતાં અમીત વિજય સોલંકી અને અલ્પેશ મુકેશ સોલંકીની અટકાયત કરી ચોરી કરેલ સોનાનો ચેન, સોનાનો દાણો, રૂદ્રાક્ષનો પારો કુલ કિ.રૂા. ૨.૭૦ લાખનો મુદ્દામાલ રીકવર કર્યો હતો. આ કામગીરી ચલાલા પીઆઈ એ.ડી.ચાવડા, નિરજભાઈ દાફડા, વર્ષાબેન જનકાંત સહિતનો પોલીસ સ્ટાફે કરી હતી.

# પીપાવાવ પોર્ટમાં રેલ્વે મારફતે ઓઈલ ટેન્કરથી થતુ પ્રદુષણ અટકાવવા આવેદન પાઠવાયુ

રાજુલા,તા.૨૩



રાજુલાના પીપાવાવપોટની અંદર આવેલ ગલ્ફ ગેસ કંપની અને તેના કોન્ટ્રાક્ટરો દ્વારા રામપરા- ૨ ગામ પાસે આવેલ રેલવે સ્ટેશન પરથી રેલ્વે મારફત આવેલ ઓઈલ ટેન્કરો દ્વારા રોડ પરથી વહન કરતા હોય જેને કારણે પ્રદૂષણ અને બીજા પ્રશ્નો ઊભા થતા હોવાને લઈને તેના વિરોધમાં અને આ અંગે પગલાં ભરવા રામપરા -૨ ગામના યુવાનો દ્વારા નાયબ કલેકટર અને પ્રાંત અધિકારી તેમજ મામલતદાર રાજુલાને આવેદનપત્ર પાઠવવામાં આવેલ છે. આ આવેદનપત્રમાં જણાવવામાં આવેલ છે કે, આ ઓઈલ અને કેમિકલ્સના લોડીંગને કારણે આજુબાજુના વિસ્તારમાં મોટા પ્રમાણમાં પ્રદુષણ ફેલાય છે જેને કારણે જીવસૃષ્ટિને પણ મોટું જોખમ હોવાથી ઓઈલ અને કેમિકલ્સ દરિયાઈ માર્ગને બદલે આ રીતે ટ્રેન મારફતે શા માટે લાવવામાં આવે છે? તેમજ આ ઓઈલના રેલ્વે દ્વારા આવેલ વેગન માંથી ટેન્કરોમાં ઠલવતી સમયે ખૂબ જ પ્રમાણમાં ઢોળાઈ છે જેને કારણે અકસ્માત કે દુર્ઘટના થાય તેવી પૂરી સંભાવના છે જેના માટે જવાબદાર કોણ? એવો સવાલ પણ રામપરા-૨ ગામના યુવાનો દ્વારા ઉઠાવવામાં આવેલ છે. તદઉપરાંત આ ગલ્ફ ગેસ કંપની દ્વારા રામપરા બે રેલવે સ્ટેશન પરથી જે રીતે ખુલ્લામાં ઓઈલની હેરફેર કરે છે જે અંગેની કોઈ જાતની મંજૂરી વગર કરે છે જે કેટલાક વિભાગોને આર્થિક વહીવટ કરીને આ ઓઈલ રેલ વેગનમાંથી ટેન્કરમાં ટ્રાન્સફર કરવામાં આવે છે જે ગેરકાયદેસર રીતે કરવામાં આવે છે જે તાત્કાલિક અટકાવવામાં આવે તેવી માંગ યુવાનો દ્વારા કરવામાં આવેલ છે.

# મોટા બારમણ ગામે મજૂરીએ જતાં યુવકને ગાળો આપી મુંઢ માર માર્યો

ખાંભા, તા.૨૩

ખાંભાના મોટા બારમણ ગામે એક યુવકને તાવ આવતો હોવાથી મજૂરીએ ગયો નહોતો. જેનું મનદુખ રાખી તેને જેમ ફાવે તેમ ગાળો આપી મુંઢ માર માર્યો હતો. બનાવ અંગે રાજેશભાઈ બળવંતભાઈ શેખા (ઉ.વ.૩૨) એ કનુભાઈ નાનજીભાઈ જોગદિયા, દયાબેન કનુભાઈ જોગદીયા તથા જીવુબેન કનુભાઈ જોગદિયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, બે દિવસ પહેલા તેમને કડીયા કામે તેની સાથે મજૂરીએ બોલાવ્યો હતો. બે દિવસથી તેને તાવ આવતો હોવાથી કડીયા કામે ગયા નહોતા. જે વાતનું મનદુઃખ રાખી ત્રણેય આરોપીઓએ તેમને જેમ ફાવે તેમ ગાળો આપી મુંઢ માર માર્યો હતો. ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી એમ વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# જુની બારપટોળી ગામે ‘રસ્તો તારા બાપનો નથી’ કહી છરીનો ઘા માર્યો

રાજુલા, તા.૨૩

રાજુલાના જુની બારપટોળી ગામે રહેતા સુલતાનભાઈ બચુભાઈ કુરેશી (ઉ.વ.૪૫)એ મજીદભાઈ ઉર્ફે કાળુભાઈ નનુભાઈ કુરેશી તથા રાજુભાઈ નનુભાઈ કુરેશી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા તેમના પત્નિ સનેડો લઈને પોતાના ઘર બહાર પહોચ્યા ત્યારે રસ્તા ઉપર તાહીર રાજુભાઈ ગટર ખોદતો હતો. જેથી રસ્તા ઉપરથી દુર જવાનુ કહેતા તે તાહીર રસ્તા પરથી દુર જતો રહેલ હતો. આ દરમિયાન સારૂ નહી લાગતા તેમને કહ્યું કે રસ્તો તારા બાપનો નથી તેમ કહી ગાલ પર લાફાઓ મારી સનેડા પરથી નીચે પછાડી દઈ શરીરે ઢીકાપાટુનો મુઢમાર મારી, છરી છાતીના ડાબા ભાગે મારી ઉજરડો પાડ્યો હતો. લોખંડના પાઈપ વડે મુંઢ માર માર્યો હતો. તેમને તથા તેના પત્નિ ને બેફામ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# જામકા ગામે ખેડૂતને મારવાની ધમકી આપી

**ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ.વાળાએ વધુ તપાસ હાથ ધરી**

ખાંભા, તા.૨૩

ખાંભાના જામકા ગામે બે મહિના પહેલા થયેલી માથાકૂટના મનદુખમાં ખેડૂતને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.બનાવ સંદર્ભે ટપુભાઈ બળવંત મકવાણા (ઉ.વ.૬૦)એ હમીરભાઈ ભુપતભાઈ બારૈયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને તથા આરોપીને બે મહિના પહેલા માથાકુટ, બોલા ચાલી થઈ હતી.

જે વાતનું મનદુઃખ રાખી આરોપીએ તેમને ગાળો આપી, મોટર સાયકલમાં રહેલા લોખંડના પાઈપ વડે મારી ફ્રેકચર જેવી ઈજા પહોંચાડીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી એમ વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૫૨૪ |
| ઘઉં લોકવન | ૫૯૫ | ૬૨૫ |
| ઘઉં ટુકડા | ૬૦૨ | ૬૬૬ |
| જુવાર સફેદ | ૭૧૧ | ૮૫૬ |
| જુવાર લાલ | ૯૦૦ | ૧૦૦૦ |
| જુવાર પીળી | ૪૧૫ | ૫૦૦ |
| બાજરી | ૪૫૧ | ૫૬૭ |
| તુવેર | ૧૧૧૦ | ૨૧૧૦ |
| ચણા પીળા | ૧૦૫૦ | ૧૩૦૧ |
| ચણા સફેદ | ૨૦૦૦ | ૨૬૫૦ |
| અડદ | ૧૦૯૦ | ૧૬૯૧ |
| મગ | ૧૨૧૧ | ૧૮૦૫ |
| વાલ દેશી | ૧૧૦૦ | ૧૭૯૦ |
| ચોળી | ૧૩૦૦ | ૨૯૫૦ |
| મઠ | ૮૫૦ | ૧૧૫૦ |
| કળથી | ૧૦૦૦ | ૧૧૫૦ |
| મગફળી જાડી | ૮૮૦ | ૧૧૯૦ |
| મગફળી જીણી | ૯૨૦ | ૧૧૨૦ |
| તલી | ૨૧૫૦ | ૨૮૦૦ |
| એરંડા | ૧૧૬૧ | ૧૨૩૪ |
| સોયાબીન | ૭૫૦ | ૮૮૨ |
| સીંગફાડા | ૧૦૭૫ | ૧૩૩૦ |
| કાળા તલ | ૨૯૦૦ | ૪૩૪૩ |
| લસણ | ૪૪૧૦ | ૬૦૦૦ |
| ધાણા | ૧૪૧૦ | ૧૫૭૫ |
| ધાણી | ૧૪૨૦ | ૧૬૫૩ |
| વરીયાળી | ૧૧૨૦ | ૧૩૯૩ |
| જીરૂ | ૪૨૫૦ | ૪૭૧૫ |
| રાય | ૧૦૪૦ | ૧૩૪૯ |
| મેથી | ૧૦૪૦ | ૧૩૫૦ |
| રાયડો | ૧૦૪૦ | ૧૧૫૦ |
| રજકાનું બી | ૪૩૫૦ | ૫૩૯૫ |
| ગુવારનું બી | ૮૫૦ | ૯૯૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૪૦૦ | ૧૧૦૦ |
| બટેટા | ૩૦૦ | ૭૬૧ |
| ડુંગળી સુકી | ૧૨૫ | ૬૩૦ |
| ટમેટા | ૪૦૦ | ૮૦૦ |
| સુરણ | ૯૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૬૦૦ |
| મુળા | ૨૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૨૫૦ | ૫૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૩૩૦ | ૫૧૦ |
| ભીંડો | ૪૫૦ | ૭૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| ચોળાસીંગ | ૪૦૦ | ૬૦૦ |
| વાલોળ | ૭૫૦ | ૧૦૩૦ |
| ટીંડોળા | ૩૦૦ | ૭૦૦ |
| દુધી | ૫૦ | ૮૦ |
| કારેલા | ૩૦૦ | ૫૦૦ |
| સરગવો | ૧૧૦૦ | ૩૬૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૫૦૦ | ૮૦૦ |
| કાકડી | ૫૦૦ | ૭૦૦ |
| ગાજર | ૮૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| તુવેરસીંગ | ૫૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૫૦ | ૫૦૦ |
| બીટ | ૪૦૦ | ૬૦૦ |
| મેથી | ૪૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૭૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૬૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| ચણા લીલા | ૩૦૦ | ૧૦૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૮૫૦ |
| લસણ લીલું | ૧૦૦૦ | ૩૦૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૮૦ | ૫૮૦ |
| રીંગણાં | ૨૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૭૦૦ | ૭૫૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૮૦૦ | ૧૦૦૦ |
| દૂધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| ગલકા | ૫૦૦ | ૭૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલાં | ૪૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફુદીનો | ૮૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૫૦૦ |
| મકાઇ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૫૦૦ | ૬૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| વાલ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ડુંગળી | ૧૦૦ | ૫૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૦૦ | ૧૦૯૬ |
| શિંગ મોટી | ૮૭૧ | ૧૨૯૪ |
| શિંગફાડા | ૧૦૨૪ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૫૨૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૪૪૪૫ |
| બાજરો | ૪૨૫ | ૫૧૦ |
| જુવાર | ૬૧૦ | ૭૫૦ |
| ઘઉં ટુકડા | ૫૬૨ | ૭૦૨ |
| ઘઉં લોકવન | ૫૫૫ | ૬૮૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૪૭૫ |
| ચણા | ૧૦૪૨ | ૧૪૦૬ |
| કપાસ | ૯૦૦ | ૧૫૨૧ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૪૫૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૬૦ |
| સોયાબીન | ૬૫૦ | ૮૩૨ |
| મેથી | ૯૦૦ | ૧૧૨૫ |
| રજકાનું બી | ૫૦૦૦ | ૫૩૧૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૦૮ | ૧૫૨૨ |
| કપાસ કોડી | ૧૨૪૦ | ૧૩૭૦ |
| મગફળી નવી | ૧૧૧૫ | ૧૨૦૫ |
| અડદ | ૧૧૪૦ | ૧૩૫૦ |
| ઘઉં | ૫૦૩ | ૬૨૭ |
| સોયાબીન | ૭૭૦ | ૮૦૦ |
| તલ સફેદ | ૨૦૩૦ | ૨૨૭૦ |
| જીરૂ | ૪૦૩૫ | ૪૩૭૫ |
| સોયાબીન | ૭૭૦ | ૮૦૦ |
| ચણા | ૧૧૭૫ | ૧૩૦૫ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૩૯૦ | ૧૫૨૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૦૦ | ૧૨૦૧ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૮૧ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૮૦ |
| તલ કાળા | ૩૫૦૦ | ૩૯૭૦ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૬૧૫ |
| કપાસ | ૧૩૯૦ | ૧૫૦૫ |
| ઘઉં લોકવન | ૫૭૫ | ૬૩૪ |
| ઘઉં ટુકડા | ૫૯૩ | ૬૫૨ |
| બાજરો | ૪૫૦ | ૬૦૨ |
| મકાઈ | - | --- |
| અડદ | ૧૦૭૦ | ૧૬૬૦ |
| ચણા | ૯૫૦ | ૧૫૫૭ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૧૮ |
| સોયાબીન | ૭૫૧ | ૮૪૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૫૨ | ૧૫૨૨ |
| મગફળી | ૯૦૦ | ૧૧૧૪ |
| ઘઉં | ૫૩૪ | ૬૦૦ |
| ચણા | ૧૦૭૬ | ૧૨૬૧ |
| અડદ | ૧૨૪૬ | ૧૨૪૬ |
| સોયાબીન | ૫૨૧ | ૭૮૧ |
| ધાણા | ૧૧૦૦ | ૧૩૫૦ |
| એરંડા | ૧૧૫૧ | ૧૧૫૧ |
| મેથી | ૯૮૦ | ૯૮૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૮૪૪ | ૧૧૬૦ |
| મગફળી ૩૨ નં. | ૮૫૦ | ૧૦૫૩ |
| ઘઉં | ૫૨૫ | ૬૪૦ |
| અડદ | ૧૧૫૦ | ૧૫૯૦ |
| તુવેર | ૧૪૫૦ | ૧૯૧૮ |
| જુવાર | ૬૫૦ | ૮૫૦ |
| રજકો | ૩૫૦૦ | ૪૭૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૭૧ |
| સોયાબીન | ૭૫૧ | ૮૩૭ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૩૨ |
| કપાસ | ૩૫૦૦ | ૪૭૦૦ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૧૦૪૨ | ૧૨૭૦ |
| શીંગ ૩૯ | ૯૨૧ | ૧૧૬૭ |
| શીંગ ૩૨ | ૯૦૦ | ૧૦૩૨ |
| શીંગ જી૨૦ | ૧૦૧૧ | ૧૧૬૮ |
| એરંડા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| જુવાર | ૪૭૨ | ૯૦૯ |
| બાજરી | ૪૮૦ | ૬૨૫ |
| ઘઉં ટુકડા | ૫૮૨ | ૭૬૨ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૫૮ |
| સોયાબીન | ૭૦૪ | ૮૬૭ |
| ચણા | ૭૨૫ | ૧૩૨૫ |
| તલ સફેદ | ૧૭૪૨ | ૨૬૫૧ |
| મગ | ૮૦૧ | ૧૬૮૦ |
| મગ દેશી | ૨૯૫૦ | ૨૯૫૦ |
| ડુંગળી લાલ | ૨૦૦ | ૫૩૦ |
| ડુંગળી લાલ નવી | ૧૫૦ | ૭૫૮ |
| ડુંગળી સફેદ | ૨૬૦ | ૧૪૫૦ |
| ડુંગળી સફેદ | ૧૬૦ | ૭૮૨ |
| કપાસ શંકર | ૧૪૧૩ | ૧૪૬૪ |
| નાળીયેર | ૬૪૫ | ૨૮૦૬ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૫૦ | ૧૧૨૧ |
| તલ સફેદ | ૧૬૫૦ | ૨૪૦૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૮૧ |
| બાજરો | ૫૫૦ | ૬૫૦ |
| ઘઉં ટુકડા | ૫૫૫ | ૬૬૫ |
| જુવાર | ૬૭૬ | ૮૨૧ |
| મગ | ૧૨૦૦ | ૨૭૨૭ |
| મઠ | ૧૪૦૦ | ૧૪૭૬ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૫૦૦ |
| અડદ | ૧૧૧૧ | ૧૭૭૫ |
| સોયાબીન | ૫૦૧ | ૭૮૦૧ |
| ધાણા | ૧૧૭૬ | ૧૧૭૬ |
| ચણા | ૧૨૦૦ | ૧૫૧૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૧૬૧ | ૧૪૫૫ |
| ઘઉં | ૬૦૮ | ૬૦૮ |
| તુવેર | ૧૩૦૦ | ૧૮૦૦ |
| જીરૂ | ૬૩૦૦ | ૬૩૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૫૧ |
| ઘઉ લોકવન | ૫૨૩ | ૬૧૩ |
| ઘઉ ટુકડા | ૫૧૭ | ૬૩૦ |
| અડદ | ૭૫૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૫૦૦ | ૭૬૦ |
| મગફળી | ૭૦૭ | ૧૦૬૫ |
| ચણા | ૯૦૦ | ૧૨૮૫ |
| જીરૂ | ૪૧૧૧ | ૪૧૧૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૩૫ |
| તલ સફેદ | ૨૧૫૦ | ૨૫૪૦ |
| લસણ | ૪૫૦૦ | ૪૫૦૦ |
| શીંગદાણા | ૧૦૦૫ | ૧૦૦૫ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૪૦ |
| બાજરો | ૪૬૫ | ૫૬૫ |
| ઘઉં | ૫૦૦ | ૬૩૬ |
| અડદ | ૧૧૦૦ | ૧૫૬૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૬૫ |
| ચણા | ૯૫૦ | ૧૨૬૧ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૪૭૫ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૨૦૦ |
| એરંડા | ૧૦૮૫ | ૧૨૩૯ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૩૧ |
| લસણ | ૪૨૫૫ | ૫૩૮૫ |
| જીરૂ | ૪૨૫૦ | ૪૬૪૫ |
| અજમો | ૧૮૦૦ | ૨૯૫૦ |
| ધાણા | ૯૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી | ૧૦૦ | ૭૫૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૫૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૫૧ | ૧૫૦૧ |
| ઘઉં લોકવન | ૫૭૦ | ૬૨૨ |
| ઘઉં ટુકડા | ૫૭૦ | ૭૭૧ |
| મગફળી જીણી | ૭૦૧ | ૧૧૧૬ |
| એરંડા / એરંડી | ૧૦૭૧ | ૧૨૫૧ |
| તલ કાળા | ૩૮૭૬ | ૪૫૫૧ |
| જીરૂ | ૩૭૫૧ | ૪૭૯૧ |
| વરીયાળી | ૯૨૬ | ૧૨૦૧ |
| ધાણા | ૯૦૦ | ૧૬૭૧ |
| લસણ સુકું | ૨૭૯૧ | ૫૭૪૧ |
| ડુંગળી લાલ | ૧૪૧ | ૮૫૧ |
| અડદ | ૧૦૧૧ | ૧૭૨૧ |
| તુવેર | ૧૬૫૧ | ૨૦૯૧ |
| રાય | ૯૧૧ | ૧૨૬૧ |
| મેથી | ૮૫૧ | ૧૦૫૧ |
| કારીજીરી | ૧૧૫૧ | ૩૧૭૬ |
| મરચા | ૫૫૧ | ૩૦૦૧ |
| મગફળી જાડી | ૬૦૧ | ૧૧૬૬ |
| સફેદ ચણા | ૧૨૦૧ | ૨૫૬૧ |
| તલ - તલી | ૧૮૦૦ | ૨૫૫૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૫૭૧ |
| બાજરો | ૪૭૧ | ૫૬૧ |
| જુવાર | ૩૬૧ | ૯૧૧ |
| મકાઇ | ૫૬૧ | ૬૭૧ |
| મગ | ૯૫૧ | ૧૭૫૧ |
| ચણા | ૧૧૦૧ | ૧૨૪૧ |
| વાલ | ૩૭૧ | ૧૮૫૧ |
| ચોળા / ચોળી | ૬૦૧ | ૨૩૦૧ |
| સોયાબીન | ૬૫૧ | ૮૭૧ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૧૫ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૨ |
| મકાઈ | ૪૨૧ | ૪૨૧ |
| અડદ | ૮૦૦ | ૧૫૯૦ |
| ચણા | ૮૦૦ | ૧૩૮૦ |
| મગફળી | ૭૦૦ | ૧૧૫૫ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૫૦૦ |
| સોયાબીન | ૯૫૦ | ૮૩૫ |
| મેથી | ૮૦૦ | ૯૩૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |

# વાયુ પ્રદૂષણની હવા ઊભી કરવા પાછળ કોણ? કયાં કારણો?



વિચાર વલોણું



જયવંત પંડ્યા

દિલ્હીમાં ઝેરીલી હવા. દિલ્હીમાં શ્વાસ લેવાનું મુશ્કેલ. એક્યૂઆઈ ૪૦૦ થયો. આવાં મથાળાં આપણાં માથાં પર પ્રતિ દિન ફટકારવામાં આવે છે. ખરેખર શું છે? તાજેતરની મારી દિલ્હી મુલાકાતમાં ગુજરાતના એક મિત્ર મળ્યા. તેઓ તાજેતરમાં જ દિલ્હી સ્થિત થયા છે. અને હજુ પણ અમદાવાદ આવ-જા કરે છે, તે પણ મહિનામાં એક વાર. મેં તેમને પૂછ્યું કે શું સ્થિતિ છે? તો કહે, વાત સાચી છે.

મેં તેમને કહ્યું, "મિત્ર, તમે માધ્યમો, કૉર્ટ અને સરકારો દ્વારા બરાબર બિછાવાયેલી જાળમાં આવી ગયા છો." તો કહે, "કેવી રીતે?" મેં કહ્યું, "તમે અને હું અત્યારે વાતો કરીએ છીએ. આપણે માસ્ક પહેર્યા છે? શું આપણને ગૂંગળામણ થાય છે?" તો કહે, "ના." મેં કહ્યું, "હું તો અમદાવાદમાં નેશનલ મીડિયામાં એવાં મથાળાં સાથે સમાચાર વાંચતો હતો કે "દમ ઘોટું હવા. ઝહરીલી હવા."

પરંતુ હું જ્યાં ગયો ત્યાં મેં સામાન્ય માનવીથી માંડીને ઉચ્ચ અધિકારીઓ સુધી બધાને પૂછ્યું તો તેમને પ્રદૂષણ હોવાનું લાગ્યું નહીં. તો શું વાયુ પ્રદૂષણ કે જળ પ્રદૂષણ જ નથી?

દિલ્હીમાં બંને પ્રદૂષણ છે. ઈન ફૅક્ટ, કેજરીવાલ સરકાર ૨૦૧૩માં આવી ત્યારથી છે અને સતત વધી રહ્યા છે તે યથાર્થ છે. યમુનામાં આ વખતે (૨૦૧૩થી લઈને ૨૦૨૪ સુધી હજુ) પણ ફીણવાળાં પાણી છે. પરંતુ દર ચૂંટણીમાં યમુનાને સ્વચ્છ કરવાનું વચન આપતા કેજરીવાલે યમુનાને વધુ ને વધુ પ્રદૂષિત થવા દીધી છે જેના પાપે આ વખતે તો હિન્દુઓને છઠ્ઠ પૂજા યમુનામાં કરવાની અનુમતી દિલ્હી ઉચ્ચ ન્યાયાલયે ન આપી. પરંતુ આ બાબતે કેજરીવાલ સરકારને કોઈ આકરો ઠપકો ન મળ્યો કે ભાઈ, ૧૧ વર્ષ થઈ ગયાં, તમે કર્યું શું?

યમુનાના પ્રદૂષણના બહાને દિલ્હીમાં રહેતા હિન્દુઓને છઠ્ઠ પૂજા કરવા ન મળી તેમ વાયુ પ્રદૂષણના બહાને દિલ્હીમાં રહેતા હિન્દુઓ પર દર વર્ષે દિવાળીએ ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂકાય છે. અને દર વર્ષે એની જાહેરાતની તારીખ વહેલી ને વહેલી થતી જાય છે. પહેલાં દિવાળીના અમુક દિવસો પહેલાં જાહેરાત થતી હતી હવે દોઢેક મહિના પહેલાં થવા લાગી છે. ભાદરવા આસપાસથી થાય છે.

આ વખતે કેજરીવાલ દિલ્હી દારૂ ભ્રષ્ટાચાર કેસમાં જામીન પર મુક્ત થાય તો તેની પ્રસન્નતામાં આઆપ કાર્યકર્તાઓએ ફટાકડા ફોડ્યા. તેઓ ફોડે તો ચાલે. પણ હિન્દુઓએ તેમના તહેવારની ઉજવણીમાં ફટાકડા નહીં ફોડવાના. હિન્દુઓ માટે કોઈ વૈજ્ઞાનિક રીતે સંશોધન કરતી સંસ્થા બનવી જોઈએ કારણકે અધિકૃત રીતે પ્રયોગ વગેરે નથી થતા તેથી હિન્દુ તહેવારો અંગે વૈજ્ઞાનિક પુરાવા આપી શકાતા નથી. આથી દિવાળી પર ફટાકડા ફોડવાથી ચોમાસામાં થયેલા મચ્છર, અન્ય હાનિકારક જીવાણુ, જીવોનો નાશ થાય છે તે બધાને ખબર છે પણ વૈજ્ઞાનિક રીતે આધાર-પુરાવા નથી.

મીડિયામાં પણ પહેલાં દિવાળીના અમુક દિવસ પહેલાં, વાયુ પ્રદૂષણ વધ્યું તેવા સમાચાર આવતા હતા, તે હવે દશેરા આસપાસથી ચાલુ થઈ જાય છે. તેમાંય હેડિંગમાં 'દિવાળી' શબ્દનો ઉલ્લેખ ખાસ કરાય છે, જેમ કે, દિવાલી સે પહેલે દિલ્હી મેં ઝહરીલી હવા બઢી. દિવાલી મેં પટાખે ફૂટને કે કારણ પ્રદૂષણ કી માત્રા મેં ભારી બઢોતરી. લોગોં ને બાન કી કી ઐસી કી તૈસી, પટાખોં સે દિલ્હી મેં સાંસ લેના હુઆ મુશ્કિલ.

૩૧ ડિસેમ્બરે આવા સમાચારો અદશ્ય હોય.

એનજીઓ દ્વારા જાહેર હિતની યાચિકા કે બીજા કોઈ કહેવાતા જાગૃત નાગરિક કે વકીલ દ્વારા દર વર્ષે કૉર્ટમાં યાચિકા થાય અને કૉર્ટ કેજરીવાલ સરકારને નામ પૂરતો ઠપકો આપે. નુપૂર શર્માએ તો પોતાની વિરુદ્ધ ઢગલાબંધ એફઆઈઆર એક જ પોલીસ સ્ટેશનમાં કરવા યાચિકા કરી હતી તોય મિ. લૉર્ડે તેમાં મૌખિક ટીપ્પણી કરી કે દરજીનો વ્યવસાય કરતા કનૈયાલાલ, ઉમેશ કોલ્હે, પ્રવીણ નેતારુ વગેરેની હત્યા નુપૂરની ટીપ્પણીના લીધે થઈ છે. પરંતુ વાયુ પ્રદૂષણના લીધે લોકો કેજરીવાલ સરકારના લીધે માંદા પડે છે તેવી આકરી ટીપ્પણી તમે ક્યારેય સાંભળી?

ઉલટું, આ વખતે તો સર્વોચ્ચ ન્યાયાલયમાં મિ. લૉર્ડે એવી ટીપ્પણી કરી કે કોઈ પણ ધર્મ પ્રદૂષણને પ્રોત્સાહન નથી આપતો. મિ. લૉર્ડ ભૂલી ગયા કે બકરી ઈદ પર કેટલું પ્રદૂષણ થાય છે? પર્યાવરણને- ઈકૉલૉજીને જીવ હત્યાથી કેટલું મોટું નુકસાન થાય છે? વાઘ, સિંહનાં મૃત્યુ થાય તો તરત કૉર્ટમાં યાચિકા થઈ જાય છે અને સરકારને ઠપકો મળે છે, તો દૂધ આપતી બકરી શું પર્યાવરણને ઉપયોગી નથી?

પહેલાં બકરીને કે બકરાને ખવડાવી-પીવડાવી તાજામાજા કરવામાં આવે, પછી તેને બે રીતે મરાયઃ કાં તો ઝટકા સાથે. કાં તો તડપાવી-તડપાવી મારવામાં આવે. વિચાર કરો કે આ રીતના મૃત્યુ વખતે તેનો ચિત્કાર કેવો થતો હશે? એના લોહીમાં એ ભાવ નહીં ભળતો હોય? એ લોહીને ભલે પાણીથી સ્વચ્છ કરાતું હશે પણ એ પાણી નદી-સમુદ્રમાં ભળતું હશે અને એ મુસ્લિમ સિવાય હિન્દુ, જૈન, શીખ, બૌદ્ધ, ખ્રિસ્તી, પારસી, યહૂદી વગેરે બધા પીતા હશે. આના પર કોઈનો જીવ કકળતો નથી. હા, જૈન તહેવાર આવે એટલે તે દિવસ પૂરતો ગાય કાપવા પર પ્રતિબંધ મૂકાય છે.

૩૧ ડિસેમ્બરે થતી પાર્ટીઓમાં મોટા પાયે માંસાહાર અને દારૂની રેલંછેલ થાય છે. ત્યારે કેમ પ્રદૂષણનો કોઈને વિચાર નથી આવતો? ત્યારે કેમ કોઈ યાચિકા નથી થતી? કારણ કોઈ ચુસ્ત હિન્દુ વકીલ કે એવી કોઈ હિન્દુવાદી સંસ્થા નથી જે યાચિકા કરે. ૭ જાન્યુઆરીથી ગુજરાતમાં જેમ જીવદયા, કબૂતરને બચાવોના મીડિયામાં સમાચાર આવવા લાગે છે, જીવદયા, કરુણાની વાતો કરનારા ટ્રસ્ટ, પોતે કેટલા પક્ષીને બચાવ્યા તેના પ્રસિદ્ધિભૂખ્યા કથિત સમાજસેવકોના સમાચાર મીડિયા અને સૉશિયલ મીડિયામાં આવે છે તેમ ૨૦ ડિસેમ્બરથી કોઈ સમાચાર આવતા નથી કે આટલા પ્રાણીઓને બચાવ્યા. જીવદયા કરવી જોઈએ અને આપણા આનંદ માટે માંસાહાર ન કરવો જોઈએ. તે વખતે પણ મિ. લૉર્ડ કોઈ ને કોઈ યાચિકાના કારણે ચાઈનીઝ દોરી પર પ્રતિબંધના નામે ચુકાદો ઠપકારી દે છે અને હિન્દુ વિરોધી ટીપ્પણી કરી નાખે છે.

બકરી ઈદ અને ૩૧ ડિસેમ્બર પર ન તો આવી કોઈ યાચિકા થાય છે અને ન તો કોઈ મિ. લૉર્ડ સુઓ મૉટો સંજ્ઞાન લે છે.

તો દિલ્હીમાં સ્થિતિ શું છે? ત્યાં હું સંસદ ભવન સહિતના વીઆઈપી વિસ્તારોથી લઈને જૂની દિલ્હી ગયો. કોઈ કરતાં કોઈ માસ્ક લગાવીને ફરતું હોય તેવું દેખાયું નહીં. અરે ! પહાડગંજ, કરોલ બાગ, લાડો સરાઈની ચંપા ગલી વગેરે સાંકડા, માંસાહારથી ભરપૂરવાળા રસ્તાઓ જોયા. અરે ! સૂગાળવા અને અતિશય સ્વચ્છતા-પ્રેમી વિદેશીઓ પણ માસ્ક વગર બિન્દાસ્ત ફરતા હતા. જો એટલી બધી ઝેરીલી હવા હોય તો શું અતિ સ્વચ્છ દેશોમાંથી આવતા વિદેશીઓ માસ્ક વગર ફરી શકે? દિલ્હીમાં રહી શકે?

એનર્જી ઍન્ડ રિસૉર્સિસ ઈન્સ્ટિટ્યૂટનો તાજો અહેવાલ કહે છે કે વાયુ પ્રદૂષણમાં સૌથી મોટું કારણ હોય તો તે વાહનો છે. વાહનોમાંથી નીકળતો વાયુ, પ્રદૂષણ ફેલાવવામાં ૪૭ ટકાનું પ્રદાન કરે છે. પરંતુ શું વાહનો સામે કોઈ મિ. લૉર્ડે કહ્યું કે કોઈ ધર્મ, મઝહબ કે રિલીજિયન એમ નથી કહેતો કે ખાનગી વાહનોમાં જ મુસાફરી કરવી? શું કોઈ મીડિયાએ આ બાબતે ફટાકડાની જેમ ઝુંબેશ ચલાવી? કેજરીવાલ સરકારે ખાનગી વાહનોમાં ન જવું પડે તે માટે સરકારી પરિવહનને પ્રોત્સાહન આપવા સુવિધાઓ વધારી? લોકોને બસો અને મેટ્રોમાં જવા પ્રેર્યા? પોતે ગાડીઓ વાપરવાની બંધ કરી મેટ્રોમાં મુસાફરી કરવાનું શરૂ કરી દાખલો બેસાડ્યો?

વીજળી પ્લાન્ટમાંથી નીકળતો વાયુ ૪૬ ટકા પ્રદૂષણ ફેલાવે છે. તેને બંધ કરી શકાશે? તેની સામે કોઈ જાહેર હિતની યાચિકા થશે? તેની સામે કોઈ કેજરીવાલ સરકાર કે મિ. લૉર્ડ કહેશે, કોઈ ધર્મ, મઝહબ કે રિલિજિયન નથી કહેતો કે વીજળીના ઉપયોગ વગર રહી જ ન શકાય. ભગવાનના અવતારો થયા ત્યારે, મોહમ્મદ પયગંબર થયા ત્યારે ક્યાં વીજળી હતી? તેના વગર ચલાવો. રસ્તા પર ઉડતી ધૂળથી થતા પ્રદૂષણનું પ્રમાણ ૨૦ ટકા છે. તેને કેવી રીતે દૂર કરી શકાશે? પરાળી સળગાવવાથી ખેડૂતો પ્રદૂષણ કરે છે તેમ મોટા પાયે કહેવાય છે. પરંતુ ખેડૂતો મતબૅંક છે. તેની સામે પગલાં થોડા લેવાય? જોકે હરિયાણામાં આ વર્ષે ચૂંટાઈને આવેલી નવી ભાજપ સરકારે ખેડૂતો સામે કેસ કર્યા છે, નિષ્ક્રિય અધિકારીઓ સામે પણ પગલાં લીધાં છે, પરંતુ પંજાબની આઆપ સરકારે આવાં કોઈ પગલાં લીધાં નથી. તેના લીધે આ વખતે પાકિસ્તાનના લાહોરમાં પ્રદૂષણ અનહદ રીતે વધી ગયું.

લાહોર વિશ્વનું સૌથી વધુ વાયુ પ્રદૂષિત શહેર છે. કરાચી અને ઈજિપ્તનું કૈરો પણ ટોચનાં પાંચ શહેરોમાં આવે છે. શું મુસ્લિમ દેશ પાકિસ્તાનના લાહોર અને ઈજિપ્તના કૈરોમાં દિવાળીએ ફટાકડા ફોડવામાં આવે છે? લાહોર અને કૈરોમાં પ્રદૂષણનું સૌથી મોટું કારણ વાહનોના ઉત્સર્જનનું જ છે. પરાળી સળગાવવાના કારણે પણ કૈરોમાં પ્રદૂષણ છે. પરંતુ ભારતમાં-દિલ્હીમાં તો જાણે ફટાકડાના કારણે જ પ્રદૂષણ થાય છે તેવું ચિત્ર મીડિયા, કેજરીવાલ સરકાર અને કૉર્ટ છેલ્લાં સાત-આઠ વર્ષથી ઊભું કરી રહ્યાં છે. અને તેના કારણે આ લેખની શરૂઆતમાં જેનો દાખલો ટાંક્યો તેવા મિત્ર જેવા લોકો પણ પેલી, 'તમારા ખભે કૂતરું છે' તેવી ઠગોની વાર્તાની જેમ, હિન્દુ વિરોધીઓની જાળમાં ફસાઈ, દિલ્હીમાં સાચે જ ખૂબ જ પ્રદૂષણ છે, તેવું માનવા લાગ્યા છે.

તો આ વાયુ પ્રદૂષણનું તૂત ચગાવવા પાછળ કારણ શું છે? એક નહીં, અનેક કારણો છે. કારણો પહેલાં એક સ્પષ્ટતા ફરી. આનો અર્થ એવો નથી કે વાયુ પ્રદૂષણ નથી. વાયુ પ્રદૂષણનો હાઉ ઊભો કરવાનાં કારણો છે. દિવાળીની હિન્દુ વિધિવિધાનથી ઉજવણી બંધ કરવી. કોઈ કહેશે કે દિવાળી પર ફટાકડા ફોડવાનું કયા શાસ્ત્રમાં લખ્યું છે? તો સ્કંદ પુરાણ વાંચી લેવું.

હિન્દુ ધર્મ સાથે જોડાયેલી દરેક બાબતને નકારાત્મકતા, અવૈજ્ઞાનિક અને અંધશ્રદ્ધામાં ખપાવી દેવાનું વ્યવસ્થિત ષડયંત્ર ચાલે છે. બેધડક સત્યનો દાવો કરતા મીડિયામાં કંકુથી કેન્સર થાય છે તેવા કોઈ વિદ્યાર્થીના રિપૉર્ટના આધારે મુખ્ય હેડલાઈન બની હતી. કંકુનો ચાંદલો આપણાં બાપદાદાઓના બાપદાદાઓના બાપદાદાઓ અને આપણી બા-દાદીઓની બા-દાદીઓની બા-દાદીઓ કરતા આવ્યા છે. કોઈને કેન્સર થયું? અત્યારે પણ કંકુથી કેટલાને કેન્સર થયું? પીએચ. ડી. કે સેમિનારોમાં શોધપત્રો માટે આવાં હિન્દુ વિરોધી ઘનચક્કર સંશોધનોને પ્રોત્સાહન અપાય છે. તેથી આવા લોકો તો સંશોધન કરે પણ છાપનાર પત્રકારે અને તંત્રીએ તો ક્રૉસ-ચેક કરાવવું જોઈએ.

કરવા ચોથના એક દિવસના ઉપવાસથી મહિલાઓનું આરોગ્ય બગડે અને રમઝાનમાં ૩૦ દિવસ સતત ઉપવાસથી આરોગ્ય સુધરે તેવા અહેવાલો 'પેપર' છાપે છે.

તો વાચક મિત્રો, આ ઉદાહરણ પરથી સ્પષ્ટ છે કે મેઈનસ્ટ્રીમ મીડિયાનો મોટો વર્ગ, કૉર્ટ અને કેજરીવાલ જેવી સરકાર (તેમાં થોડાક અંશે ભાજપ પણ આવી ગયો કારણકે તે પણ દર દિવાળીએ જાહેરનામું તો બહાર પાડે જ છે કે રાત્રે આઠથી દસ જ ફટાકડા ફોડવા. તેના કારણે કોઈ ફરિયાદ કરે તો ધરપકડ થઈ શકે છે. આ વખતે દિલ્હીમાં કેજરીવાલના આદેશના પાપે ફટાકડા વેચનારાઓ સામે ૭૯ કેસો થયા અને ૧૯,૦૦૫ કિલોગ્રામ ફટાકડા જપ્ત કરાયા. શું આના કારણે એક આખો ઉદ્યોગ બંધ નહીં થાય? આ જ રીતે પતંગના ધંધા પર નાનો-મોટો ધંધો કરનારા પણ કેટલા નભતા હોય છે? પતંગના માંજાને કાચ પીવડાવવાના ધંધા પર કેટલા મુસ્લિમો નભે છે તે જાણો છો? આવા સિઝનલ વેપારીઓ હોળી પર પિચકારીઓ, દિવાળી પર રંગ અને રંગોળી, ફટાકડા, રક્ષાબંધન પર રાખડી વેચે છે. આ નાના વેપારીઓની ઘોર ખોદવા માટે દરેક હિન્દુ તહેવારને ટાર્ગેટ કરી શું ભારતના અર્થતંત્રને વિશ્વનું ત્રીજા ક્રમનું અર્થતંત્ર બનાવવાનું સપનું જોતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સપના અને પ્રયાસોને નિષ્ફળ બનાવવાનું આ કાવતરું નથી?

બીજું કારણ છે, ઉદ્યોગ-ધંધાઓની પાસેથી પૈસા ઉઘરાવવા. ત્રીજું કારણ છે, મારા-તમારા ખર્ચે, એક્યૂઆઈ (પ્રદૂષણની માત્રા) માપતાં મશીનો વસાવવાં, સીસીટીવીની જેમ, દર ચાર રસ્તે ઍર પ્યૉરિફાયર મૂકાવવા અને પછી દરેક ઘરમાં પણ ઍર પ્યૉરિફાયર વસાવે તેવું કરવું. આવું કંઈ કરવું હોય તો કેટલાક 'વેચાયેલાં' મીડિયામાં પહેલાં આવા 'સંશોધન' સમાચાર આવવા લાગે છે. તે રીતે 'આઆપ કો રખે આગે' મીડિયામાં પણ 'ઍર પ્યૉરિફાયર પ્રદૂષિત હવાને સાફ કરે છે' તેવા સમાચાર છપાવા લાગ્યા છે. આના કરતાં કપૂર (એટલે તો તેને ધર્મ સાથે જોડી દેવામાં આવ્યું અને દરેક પૂજા પછી કપૂર સળગાવાય છે) સારું. ગાયના છાણમાંથી બનેલી અગરબત્તી પણ સારી. ગૂગળનો ધૂપ પણ વાતાવરણ શુદ્ધ કરે છે. લીમડાનાં પાન સળગાવવાથી પણ હવા શુદ્ધ થાય છે.

પરંતુ આ બધા સસ્તા-હાથવગા ઉપાય છે. એટલે તેને 'આઆપ કો રખે આગે' મીડિયા પ્રમૉટ ન કરે.

ટૂંકમાં, વાયુ પ્રદૂષણના હાઉની જાળમાં ન આવો. ખિસ્સામાં કપૂર કે લીમડાનાં પાન રાખીને હરો-ફરો. જો ખાતરી કરવી હોય તો આ નવેમ્બર-ડિસેમ્બરમાં દિલ્હી જઈ આવો. ■


jaywant.pandya@gmail.com


# રાજકીય સુત્રો અને આદિકાળનો પોકાર



રાજકીય રસધાર



પ્રવીણ માધાણી

પુરાતન યુગમાં માણસ એકલો રહેતો. ત્યારબાદ હિંસક પ્રાણીઓ સામે બચાવમાં સમૂહમાં રહેવાની શરૂઆત થઈ. કબીલા બન્યા, કબીલાના નેતાઓ બન્યા. સમૂહો મોટા થતા ગયા અને સંસ્કૃતિઓ જન્મી. બે સમૂહો કે સંસ્કૃતિઓ વચ્ચે સંઘર્ષ પેદા થયો. સિંધુ અને હડપ્પા યુગમાં ચાલીસેક જેટલા ખુબ મજબૂત અને મોટા સમૂહ કે કેન્દ્રો હતા, એમ મનાય છે કે અરસપરસના સંઘર્ષમાં આ કેન્દ્રો નાશ પામ્યા હતા. પુરાતન કાળનો આ સંઘર્ષ આજે પણ યથાવત છે. તેના સ્વરૂપો, ઘનત્વ, દિશા, દશા બદલાતી રહે છે પણ બે માણસ કે માણસના સમૂહ વચ્ચે એક ચીજ કાયમ છે એ છે સંઘર્ષ કે ઘર્ષણ. અમેરિકાના રાજકીય વિજ્ઞાનના પ્રોફેસર, કે જેણે આશરે પચાસ વર્ષ સુધી હાર્વર્ડ યુનિવર્સીટીમાં શિક્ષણવિદ તરીકે કામ કર્યું છે એવા પ્રોફેસર સેમ્યુઅલ હન્ટિંગટને એક પુસ્તક પણ લખ્યું છે જેમાં વિશ્વની જુદી જુદી સંસ્કૃતિઓ વચ્ચે થયેલા, થઈ રહેલા કે થઈ શકે છે તેવા સાંસ્કૃતિક સંઘર્ષોની છણાવટ કરી છે. એ પુસ્તકનું નામ છે 'ક્લેશ ઓફ સિવિલાઈઝેસન'. પ્રોફેસર હન્ટિંગટન કહે છે કે બે ભિન્ન સંસ્કૃતિઓ અને ધાર્મિક માન્યતા વચ્ચે અથડામણ સ્વાભાવિક વાત છે.

આજે હિન્દુસ્તાનના રાજકીય પટલ પર જે બે નારાઓ ગાજી રહ્યા છે કે બટેંગે તો કટેંગે અને એક હૈ તો સૈફ હૈ, એ ભૂતકાળમાં ભલે ક્યારેય જાહેરમાં કે જોરશોરથી પોકારવામાં ન આવ્યા હોય, પણ તેની વિભાવના તો સદીઓ જૂની ચાલતી આવી જ છે. માણસ જયારે એકત્ર થયો છે, ત્યારે એ બીજા સમૂહના પ્રતીકાર માટે થયો છે. પહેલા હિંસક પ્રાણીઓના આક્રમણ સામે પ્રતિકાર કરવા એકઠા થયેલા માણસોનો નારો એક હૈ તો સૈફ હૈ હોઈ શકે છે. ત્યારબાદ બીજા સમૂહના પ્રતિકાર માટે ભેગા થયેલા માણસોનો નારો બટેંગે તો કટેંગે હોઈ શકે છે. આજે એક યા બીજા કોઈ કારણસર બીજા સમૂહ સામે એકઠો થતો રહ્યો જ છે. હિંસક પ્રાણીઓનો પ્રતિકાર, ત્યારબાદ શિકાર કરવા, શિકાર કરતા અન્ય સમૂહની સામે આધિપત્ય જમાવવા અને આજે રાજકીય, સામાજિક અને આર્થિક અસ્તિત્વ સાબિત કરવા કે ટકાવવા આ નારાઓ પોકારવામાં આવી રહ્યા છે.

કોઈપણ રાજકીય નારો રાજકીય પક્ષ દ્વારા મતદારોને પોતાની તરફ ખેંચી રાખવા કે લાવવા માટે આપવામાં આવતો હોય છે. આજનો આ નારો હિન્દુઓને એક સમૂહમાં રહેવા માટેનો સંદેશ છે. પ્રાથમિક અભ્યાસ વખતે લાકડીઓની એક બોધવાર્તા આવતી કે એક બે લાકડીને ભાંગી શકાય છે પણ લાકડીના ભારાને ભાંગી શકાતો નથી. અનેક કહેવતો અને સુભાષિતોમાં પણ એક રહેવાનો આ સંદેશ આપવામાં આવ્યો છે. ઝાઝા હાથ રળિયામણા, એકલપંડા વામણા. સંપ ત્યાં જંપ. અને સંઘે શક્તિ કલૌ યુગે, કળિયુગમાં સંગઠન એ જ શક્તિ છે. સંગઠન એટલે કે લોકો એક ધ્યેય સાથે મોટી સંખ્યામાં જોડાય. ભારતના પ્રધાનમંત્રીએ પણ નારો આપ્યો છે, સબકા સાથ સબકા વિકાસ અને પછીથી જોડ્યું પણ છે, સબકા પ્રયાસ.

રાજકીય નારાનો હિન્દુસ્તાનમાં એક રોચક ઈતિહાસ રહેલો છે. આઝાદી બાદ વગર ચૂંટણીએ નારો પ્રચલિત થયો હતો.. 'ખરા રૂપૈયા ચાંદીકા રાજ મહાત્મા ગાંધી કા.' જનસંઘ જયારે કોંગ્રેસ સામે ચૂંટણી લડ્યો ત્યારે તેનું ચૂંટણી ચિન્હ ચિરાગ હતો. કોંગ્રેસે સૂત્ર આપ્યું... 'ઈસ દીયેમે તેલ નહિ, સરકાર બનાના ખેલ નહિ.'ત્યારબાદ ઈન્દિરા શાસનમાં સુત્રોની ભરમાર રહી. પણ સૌથી પ્રચલિત રહ્યું 'કોંગ્રેસ લાઓ, ગરીબી હટાઓ.' ત્યારબાદ રામમંદિર આંદોલન વખતે અને તે બાદ પણ મંદિર વહી બનાયેંગે, જો રામકો લાયે હૈ હમ ઉનકો લાયેંગે. અબકી બાર મોદી સરકાર અને ફિર એક બાર મોદી સરકાર અને છેલ્લે અબકી બાર ચારસો પાર જેવા નારાઓ બુલંદ થતા રહ્યા છે. આ બધા પ્રસંગોપાત હોય છે. તેનો ઉદેશ કે સમય પૂરો થતા એ આથમી જાય છે. પણ આજના આ બે નારાઓ શાશ્વત છે. એ સ્થળ કાળ ભેદ વિના પોકારી શકાય છે. સંગઠનમાં રહેવાનો નારો તો દરેક સંસ્કૃતિ અને સભ્યતા આદિકાળથી પોકારતી આવી છે. 'ભારત માતા કી જય' નો નારો કિરણચંદ્ર બંધોપાધ્યાયે ભારત માતા નાટક દરમિયાન આપ્યો હતો. પ્રથમ વખત તેનો ઉપયોગ વર્ષ ૧૮૭૩માં નાટક દરમિયાન કરવામાં આવ્યો હતો અને બાદમાં સ્વતંત્રતા ચળવળ દરમિયાન આ સૂત્ર લોકપ્રિય બન્યું હતું.

દરેક વ્યક્તિના વૈયક્તિક અને સામુહિક દાયિત્વ હોય છે. વ્યક્તિગત રૂપે એ અમુક તમુક બાબતોમાં સ્વતંત્ર હોય છે. સમૂહના એકમ તરીકે તેની જવાબદારીઓ સમૂહની ભાવના સાથે જોડાયેલી હોવી જરૂરી છે.આપણે ત્યાં એકતાના ઉદાહરણો આપવામાં આવે છે. કવિતાઓથી લઈને બોધવાર્તાઓ દ્વારા ઉપદેશ આપવામાં આવે છે કે એક રહો, સંપીને રહો. એક રહેવું કે થવું સારી બાબત છે. અંગ્રેજીમાં પણ કહેવત છે કે યુનાઈટેડ વી સ્ટેન્ડ, ડીવાઈડેડ વી ફોલ. એક રહીને કોઈને મત આપવો એ તેમ અપીલ કરવી એ નેતાઓને બહુ મોડું સુઝ્યું છે. આજદિન સુધી જે સમૂહો એક રહીને વોટ કરતા હતા તેના પ્રતિકાર રૂપે આવો નારો આવવો લાઝમી હતો. જેમ ઝેરનું મારણ ઝેર છે તેમ સમૂહનો મુકાબલો સમૂહથી જ શક્ય છે. એ ગનીમત છે કે ઍંસી ટકા બહુમતને એક થવા અપીલ કરવી પડે છે. સામાન્યજને એ જાણવું જરૂરી છે અને તકેદારી રાખવી ઘટે કે આજુબાજુ જે ગતિવિધિઓ ચાલી રહી હોય તેના પર એક રાજકીય દ્રષ્ટિ નાખવી પણ જરૂરી હોય છે.

ક્વિક નોટ – ગરીબી હટાઓ સૂત્ર નિષ્ફળ ગયા બાદ તેના પણ ઘણા વિવેચનો થયા. આજદિન સુધી થતા રહે છે. તેમનું એક વેધક વિવેચન એક ગુજરાતી પંક્તિ છે. " ઈન્દિરા નંદનો સંપ્યા ગરીબી હટાવવા, એવી ફેંકી ગરીબીને કે ગરીબોમાં જઈ પડી. " ■

# બોર્ડની પરીક્ષા કરતા અઘરું શું?

હાસ્યાય નમઃ



ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧) સાહેબ..! તમને કેવાં પ્રશ્નના જવાબ આપવા ગમે?

ધોરાજીયા ચંદ્રકાંત એન. (સાજણટીંબા)

આવા તો નહિ જ.

(૨) સાંભળ્યું છે કે તમે બધાં પ્રશ્ન પૂછનારાઓને ભજીયા ખવરાવાના છો?

ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)

બે ત્રણ ભજિયાં વેચવાવાળા પણ પ્રશ્ન પૂછે છે અને એ આઈસ્કીમની માગણી કરે છે એમાં બધું અટક્યું છે.

(૩) સાહેબ! તમે રામ.. રામ.. કરવા ક્યારે નીકળવાના?

ધોરાજીયા ઘનશ્યામભાઈ એન. (સાજણટીંબા)

ઘૂઘરા અને મઠિયાં વધ્યા લાગે છે!

(૪) મોટાભાગે વૃદ્ધો બોખા, બહેરા, માંદા, ભયભીત, નારાજ ,ટાલિયા, લોભિયા અને ચીડિયા કેમ હોય છે?

ડાહ્યાભાઈ આદ્રોજા (લીલિયા મોટા)

ગંગાપુત્ર ભીષ્મ આ વાંચશે તો મારી કોલમ અને તમારી કલમનો કચ્ચરઘાણ કાઢી નાખશે!

(૫) તમને કયો એવોર્ડ મળે તો રાજી થાઓ?

કનુભાઈ લિંબાસિયા 'કનવર' (ચિત્તલ હાલ કેનેડા)

કવિ કનવર એવોર્ડ!

(૬) છીંક, ઉધરસ અને હેડકી વચ્ચે શું સંબંધ?

નિરવ ડણાક (અમરેલી)

ત્રણેય માસિયાઈ બહેનો છે!

(૭) લગ્ન કરવા જવાય કે લગ્ન કરી નખાય?

જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)

સ્થાનિક અને પરણેલા ગોરદાદાની સલાહ લો.

(૮) અનુપમાના અભિનયને એક શબ્દમાં વર્ણવો.

રમાબેન પટેલ (અમદાવાદ)

અનુપમ.

(૯)"સળંગ ડાહ્યો"આ વળી કઈ રીતનો ડાહ્યો કહેવાય?

હરિભાઈ ધોરાજિયા (લીલીયા મોટા)

આખી લગ્નવિધિ દરમ્યાન એકપણ વાર આડુંઅવળું ન જોવે એવા અણવરને સળંગ ડાહ્યો જાણવો!

(૧૦) તમને છેલ્લે થયેલો હાસ્યજનક અનુભવ કહેશો?

નીરજા આર. દવે (અમદાવાદ)

હમણાં એક ભાઈએ દુકાને જઈને કહ્યું કે પતંજલિના પારલે જી બિસ્કીટ આપો!

(૧૧) સાવરણીને પાણીમાં પલાળીને વાળીએ તો કચરાં પોતા એક સાથે થઈ જાય?

એકતા અક્ષય મેરૂલિયા (ભાવનગર)

ન થાય કેમ કે કચરા કાઢવામાં આગળ ચાલવું પડે અને પોતા કરવામાં પાછળ ચાલવું પડે.

(૧૨) ભાઈબંધ કેવો હોવો જોઈએ?

પાંડોર નિધિ ' રાહી '(બાયડ)

બહેનપણી જેવો.

(૧૩) શિયાળા અને લગ્નગાળા વચ્ચે કોઈ તાર્કિક સંબંધ છે?

કનુભાઈ પરમાર (દામનગર)

હા, શિયાળામાં ઠંડીને લીધે નડતા હોય એવા મહેમાન ટૂંટિયું વાળીને ખૂણામાં પડ્યા રહે!

(૧૪) સંસાર મોહમાયા છે એમ કેમ કહેવાતું હશે?

શંભુ ખાંટ ' અનિકેત ' (પાટયો અરવલ્લી)

ઘરે ડખો-બખો થયો હશે!

(૧૫) ન્યુઝીલેન્ડ સામે આપણે હારી ગયા એ માનવામાં નથી આવતું!

જય દવે (ભાવનગર)

ન્યુઝીલેન્ડવાળાને પણ એ જીતી ગયા એ માનવામાં નથી આવતું! ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# રામની પાસે જીવનવિદ્યા છે અને કૃષ્ણ પાસે જીવનકલા છે

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય



રામ જિંદગીના ઉપાસક છે. નગરજીવન અને વન્યજીવનનો સંયુક્ત અનુભવ એ રામનો મુખ્ય જીવન ક્રમ બની ગયો છે. લગભગ સદાય વિપરીત પરિસ્થિતિમાંથી રામ પસાર થતાં રહ્યા છે

રામ શ્રવણ પ્રિય વ્યક્તિ છે. આ જગતને એમણે કંઇ કહેવાનું નથી. જેમને પિતાના વચનોમાં શ્રદ્ધા હોય તેમને જ કોઈની વાત સાંભળવાનો વિવેક ઉગે. જે પિતાના વચનની ઉત્થાપના કરે એના ચિત્તમાં દુનિયાના અન્ય મહાપુરુષોના વચનોની સ્થાપના થવી મુશ્કેલ છે. હયાતી વેળાએ પિતામાં શ્રદ્ધા હોય ને તેઓ દિવંગત થયા પછી શ્રાદ્ધ હોય. શ્રદ્ધા ન હોય તો પછી શ્રાદ્ધની જરૂર નહિ. રામનો તો સ્વભાવ જ એવો છે કે પિતાની કોઈ પણ વાતમાં તેમણે પોતાના તરફથી કંઈ ઉમેરવાનું રહેતું જ નથી. આપણી સૌથી મોટી સમસ્યા એ છે કે આપણે જે કોઈને સાંભળીએ છીએ ત્યાં જ આપણે એમાં ઘણું બધું ઉમેરવાનું થાય છે. ક્યારેક તો સામેના ઉચ્ચારકનું વિધાન પૂરું પણ થવા દેતા નથી. સાંભળવા માટે મન શાંત રહે તો જ કાન કંઈક કામ કરે. અશાંત મન ધરાવનારાઓના કાન કાચા હોય છે. કોઈની વાતને આપણા કાનમાં આપણે ઠરીને ઠામ થવા દેતા જ નથી ને તરત જ આપણું ટકટક ચાલુ થઈ જાય છે. રામ પાસે શાંતચિત્તે કોઈને પણ સાંભળવાની વિદ્યા છે અને એટલે રામાવતારમાં પરમતત્ત્વ આ જગતને જાણે કે કોઈ બોધ આપવાની ઈચ્છા રાખતા નથી. રામે પોતાના કંઠમાં ન તો નીતિશાસ્ત્ર ધારણ કર્યું છે કે ન તો ધર્મશાસ્ત્ર ધારણ થવા દીધું છે. એમનો હેતુ પોતાને સર્વશ્રેષ્ઠ પુરવાર કરવાનો પણ નથી. જિંદગીમાં સંયોગોવશાત્ આત્મજ્ઞાનપૂર્વક પોતાની જે જવાબદારી છે અને તત્ સંબંધિત જે ફરજ છે તે અને માત્ર તે જ અદા કરવામાં રામને રસ છે. રામ પોતાના સ્વભાવથી સામાન્યતાના ઉપાસક છે. તેમની વ્યક્તિગત જિંદગીમાં એવી ઘટનાઓ બની કે જેને કારણે તેમણે પોતાની પ્રતિભામાં છુપાયેલા અસામાન્ય ગુણસંપુટને પ્રગટ કરવાના અવસરો આવ્યા. રામ જિંદગીના ઉપાસક છે. નગરજીવન અને વન્યજીવનનો સંયુકત અનુભવ એ રામનો મુખ્ય જીવન ક્રમ બની ગયો છે. લગભગ સદાય વિપરીત પરિસ્થિતિમાંથી રામ પસાર થતાં રહ્યા છે. તેઓ કદી પણ વિચલિત થયા નથી. તુલસીદાસે કિષ્કિન્ધા કાણ્ડમાં રામને એક વ્યાકુળ વિયોગી ગૃહસ્થ તરીકે આલેખ્યા છે. વિયોગમાં પણ તેમનું જ્ઞાન જળવાયેલું છે. વરસતા વરસાદમાં લક્ષ્મણ અને રામનો સંવાદ રામની પ્રગલ્ભ ચેતનાનો પરિચય આપે છે. ઘન ઘમંડ નભ ગરજત ઘોરા.... કહીને તુલસી રામની મુગ્ધતા વ્યક્ત કરી દે છે. પરંતુ લક્ષ્મણે પૂછેલા કૌતુકમય પ્રશ્નોના જવાબોમાં રામનું નિશ્ચલ આત્મતેજ ઝબક ઝબક થાતું રહે છે. જીવનની આંટીઘૂંટીઓ રામના પગમાં વીંટળાયેલી છે. વિષાદથી રામ કદી વિમુખ થયા નથી. ગળાડૂબ વિષાદ એમને વારંવાર ઘેરી વળેલો છે. રામનો આ વિષાદ કોઈએ પણ ઓછો કરી આપ્યો નથી. વનમાં જવું એક ઉપાધિ છે. પિતાની આજ્ઞાથી જવું એટલે એ તપ છે. આજ્ઞાપાલનનો પોતાને આનંદ છે એટલે વળી એ તપમાં આરંભથી જ તેજ ભળે છે. પરંતુ લક્ષ્મણ વનમાં સાથે આવવાની જિદ કરે છે. સીતાનો પણ હઠાગ્રહ છે. રામનો વનવાસ એ બેયના વેનથી વધુ ગંભીર અને સાહસિક બની જાય છે. વિષાદ વહેંચાઈને ઓછો થતો નથી, અધિક થતો જાય છે. સીતાએ અને લક્ષ્મણે વનમાં જવાની જરૂર ન હતી. પરંતુ તેઓ તો રામના પડછાયા છે. આકૃતિથી પડછાયા કોણ જુદા કરી શકે ? છેવટે અયોધ્યાના રાજઘરાનાની આ ત્રિમૂર્તિની સફર શરૂ થાય છે. સહુએ રામના વિષાદને અભિવૃદ્ધ કરી આપ્યો છે. સુવર્ણ મૃગની ઈચ્છાને કારણે રામને મનમાં તો થયું જ હોય કે આવી જ મનોકામનાઓ હોય તો સીતાએ અયોધ્યાના રાજમહેલની બહાર આવવાની જરૂર ન હતી. પરંતુ તેઓ સીતાને એક જ વાક્ય કહે છે કે હે પ્રિયે, શું તને ખબર નથી કે સુવર્ણ મૃગ માત્ર કલ્પનાનો વિષય છે, એ પૃથ્વી પર હોતું જ નથી. આ એક વાક્યથી અધિક તર્ક રામ કરતા નથી. પત્નીની ઈચ્છાને અનુસરી એ ઈચ્છાની પરિપૂર્તિ કાજે તેઓ મૃગવિચરણની દિશામાં દોટ મૂકે છે.અહીં સીતા, રામના વિષાદને સમૃદ્ધ કરવામાં સક્રિય થાય છે. પત્નીની ઈચ્છાઓ જો અવાસ્તવિક હોય તો પતિ પર આપત્તિનો પહાડ આવી પડે છે તેનો સંકેત પંચવટી છે. લક્ષ્મણ રામની સાથે સહાયકની ભૂમિકામાં છે પરંતુ એય એક રેખા આલેખીને પંચવટી છોડે છે. એથી લક્ષ્મણ વનમાં આવ્યા કે ન આવ્યા બેય સમાન થઈ જાય છે. લક્ષ્મણના હોવાનો અર્થ રહેતો નથી ને પછીથી પંચવટીમાં રાવણ આવવાથી અનર્થ સર્જાય છે. રામના સમગ્ર જીવનમાં જેઓ એમને ચાહે છે એમણે જ એમને માટે આપત્તિનું અણજાણ્યે નિર્માણ કરેલું છે. છતાં દરેક સ્થિતિને શાન્તચિત્તે રામે સ્વીકારી છે. રામની જિંદગીમાં બાહરી ઘોંઘાટ બહુ છે પરંતુ તેમાં રામે પોતે એક પણ સ્વર ઉમેર્યો નથી એટલે એ પાર ઉતરી શક્યા છે. રામ જિંદગીના દરેક નવા પ્રભાતનાં સ્વાગતકાર છે. તેમના તરફ પરિવારના અને બહારના પાત્રોએ કરેલા વર્તન સામે તેમની કોઈ ફરિયાદ નથી એટલે તેઓ પરમ પદ સુધી પહોંચ્યા છે. સીતાનું સુવર્ણ મૃગ અને લક્ષ્મણનો પંચવટી ત્યાગ બન્ને એવડી મોટી ભૂલો છે કે કદી માફ ન થઈ શકે. પરંતુ રામ એના પ્રત્યાઘાત આપ્યા વિના આગળ વધતા રહ્યા છે. રામની પાસે ડગલે ને પગલે જેની જરૂર પડે તે જીવન વિદ્યા છે. કૃષ્ણ પાસે એક અજાયબ જીવનકલા છે. કૃષ્ણ જીવનકલાનો અપ્રતિમ કલાકાર છે. પરંતુ જિંદગીની પ્રત્યેક ક્ષણમાં આપણે જે જોઈએ તે વિદ્યા તો એક માત્ર રામ પાસે છે. રામ અને આતમરામની જુગલબંદી જામે તો ન્યાલ થઈ જવાય.■

# અને જીમ્મીના મગજ ઉપર વીજળી ખાબકી : 'અરે, આ તો પેલો....

લઘુ-નવલકથા
યોગેશ પંડયા




દવાખાનેથી ઘરે પહોંચીને રાજેશ્વરીબાએ ફરી વખત એક થપાટ રવિનાનાં ગાલે ચોડી દીધી હતી અને પુછ્યુ હતું : સાચુ બોલ, આ બધું છે શું ? ''

"હું એમને ખૂબ જ પ્રેમ કરૂ છું. હું અર્જુન સરને મનોમન વરી ચૂકી છું અને મેં મનોમન એમને જ મેં મારા પતિ માની લીધા છે...'' રવિનાને રડતા રડતા કહ્યું : "અને તો જ મેં એમને મારા તન-મનનું સમર્પણ કર્યુ હોય ને ? તમે પૂછી જુઓ સાહેબને....'' રવિના આંસુ લૂછતા બોલી : "તમે સાચનું પારખું હજીય કરશો બા ? સાહેબે પણ સ્વીકાર્યું છે... તમને તો ખબર જ છે ને ?''

"સાચના પારખાં'' કરવાની વાત આવી એટલે રાજેશ્વરીબા પાછાં પડી ગયા. તોય એટલું તો કહયું જ કે : "રવિના, આવો દગો હું સહન નહીં કરી શકું હવે તું તારો રસ્તો કરી લેજે. તારા મામી તને જયાં પરણાવવા માંગતા હોય ત્યાં, તને પરણાવે કે ઘરમાં રાખે પણ આ તો દૂધ પાઈને સાપ ઉછેર્યા મેં !''

રવિના પ્રથમ તો સાંભળી રહી. રાજેશ્વરીબાના આક્રોશમાં નરમાઈ આવી ગઈ એ પણ તેના શેતાની મગજથી અજાણ્યું ન રહ્યુ. પણ ઘરેથી પોતાને કાઢવા માટે હવે ખૂદ રાજેશ્વરીબા જ ઊભાં થયા છે એ આજે જાણ્યા પછી વળતી ક્ષણે પ્રતિઘાત આપતા તણખી : "બા, હવે આ ઘર મારૂં છે. મેં મારા તન-મનનું સમર્પણ તમારા દીકરાને કરી દીધું છે. હવે મારા મામાને ને મારે શું છે ? મેં મારી કાચી કુંવારી જિંદગી તો તમારા દીકરાને નામે લખી દીધી છે. તમે સ્ત્રી છો. જાણો છો કે સ્ત્રી માટે તેનું શિયળ જ તેનું સર્વસ્વ હોય છે અને હવે એમ કહું કે, તમારા દીકરાએ મારૂં શિયળ લૂંટયુ છે ? ! ''

"રવિના...'' રાજેશ્વરીબાનો અવાજ ફાટી ગયો : " તું શું બકે છે એ ખબર છે ? અરે, મારા દીકરાનો વાંક કાઢતા પહેલા તારો દોષ જો તું ! આવી રીતે તો કેટલાયે છોકરાઓને તારી જાળમાં લપેટી લીધા હશે તે ! અરે, હું જ મુરખી કે તારી વાતોમાં આવી ગઈ. અને મારા દીકરાના ભોળપણનો લાભ લઈને તે જ ફસાવ્યો. ''

"ફસાવ્યા મેં નથી બા ! ફસાવી તો મને છે.. અને હવે હું સમાજમાં શું મોઢું બતાવું ? તમારા દીકરાના કાળા કરતૂત અજાણ્યાં રહ્યા નથી. આખા ગામમાં ખબર પડી ગઈ છે કે એમણે....'' ચકરડુ ઊંધી દિશામાં ફેરવતા રવિનાએ રાજેશ્વરીબાના ચહેરા સામે જોયું. રાજેશ્વરીબાના ચહેરા ઉપર ચિંતાની લકીરો ઉપસી આવી. એટલે તક જોઈને એણે ઘોડો દબ્યો : "પણ અર્જુન સરને નફરત નથી કરતી. હું તમને પણ મારી સગી મા જ માનુ છું. કારણ કે મેં અર્જુન સરને મનોમન પતિ માન્યા છે. હું એમને મારા જીવ કરતા પણ વધુ ચાહુ છું બા! મને તમે હવે દીકરાની વહુ ગણીને સ્વીકારી લો.''

"રવિના, અત્યાર સુધી તને હું એમ જ માનતી હતી. તેં એમ જ કહ્યું હોત તો અર્જુનનો જવાબ સાંભળવાની પણ જરૂર પડેત નહીં પણ તે લેબોરેટરી વાળાને પણ ? ... બોલ, આવું શું કામ કર્યુ ? '' " મેં કશું જ કર્યું નથી. કસમ બસ ?'' રવિનાએ ગળે હાથ મૂક્યો : " મારે દોડવું હતું ને ઢાળ મળી ગયો બસ ? ''

"આ સરાસર જૂઠ છે. '' રાજેશ્વરીબાએ કહ્યું : " હવે મને તારી ઉપર જરાપણ વિશ્વાસ નથી. તે જ એને ફોડી નાખ્યો છે ને ?'' "એ બધાનું દૂધનું દૂધ અને પાણીનું પાણી બહુ જ જલદી થઈ જશે.'' કોલેજથી આવી, બારણા આડે સંતાઈને રવિના અને રાજેશ્વરીબા વચ્ચેનો સંવાદ સાંભળી રહેલી અનિતાએ અંદર આવીને કહ્યું : "મને જીમ્મી કહેતો હતો કે કંઈક તો રહસ્ય છે જ... પણ હવે એ ચિંતા છોડ મા બહુ ટુંકા ગાળામાં બધું જ છતું થઈ જશે..''

અને રવિનાને અનિતાની વાતથી હૃદયમાં થડકો લાગ્યો હતો એ બીજે જ દિવસે લેબોરેટરીવાળા પાસે ચોરીછૂપીથી પહોંચી ગઈ હતી.

----

"સાચું બોલ હજી,...'' ઈન્સ. અજયે એક જ ફેંટ લેબોરેટરીવાળાને ઝીંકી હતી : " જે હોય એ ફટાફટ... નહીંતર પછી કાંચીડો ચડાવવો પડશે...'' જવાબમાં લેબોરેટરીવાળો બકવા મંડયો : " આમાં ડોકટર સાહેબનો કોઈ દોષ નથી. પણ, એ છોકરીએ પોતે જ પ્રેગનન્સીના ખોટા રિપોર્ટ બનાવવાનું કહ્યું હતું.''

"અને તે ખોટા રિપોર્ટ બનાવી નાખ્યા ? '' અજયે બીજી ફેંટ તેમાં ચહેરા ઉપર ઝીંકી : " બદલામાં તેણે શું આપ્યું ? ''

"આ વીંટી...'' તેણે ખિસ્સામાંથી એક વીંટી કાઢીને આપી. અજયે વીંટીને ગોળ ગોળ ફેરવી. તેણે ઘરે આવીને આ વીંટી અનિતાને, રાજેશ્વરીબાને અને અર્જુનને બતાવી : "શું આ વીંટી રવિનાની છે ?'' અનિતા વીંટી ઓળખી ગઈ. રવિના આવી ત્યારે આ વીટી પહેરી હતી પરંતુ એ વીંટી આંગળીમાંથી કયારે નીકળી ગઈ એ ખબર રહી નહોતી. ઈન્સ. અજય એકાંતમાં રાજેશ્વરીબા પાસે બેઠો. રવિનાએ જે જવાબ આપ્યા હતા એ અજયને કહયા. મૂળ, તો આ બલા હવે અર્જુનને વળગી હતી અને અર્જુન પેલો વીડિયો વાયરલ ન થઈ જાય એ માટે દબાયેલો હતો જો વીડિયો વાયરલ થઈ જાય તો....સમાજમાં બદનામ થઈ જાય એ સ્વાભાવિક હતું. પણ માત્ર આ એક જ કારણસર આ બલાને પંપાળવી પડે એ અજયને મંજૂર નહોતું. કૈંક એવું ય હતું. જેને લીધે આ બધો પ્રિ-પ્લાન અગાઉથી બનાવ્યો હતો પણ રવિનાની પાછળ છે કોણ એ જાણવું ઈન્સ. અજયને માટે અઘરૂં હતું. શું પેલા વીડિયો વાયરલ કરવાની ધમકી આપનાર અને રવિના વચ્ચે કોઈ કનેકશન હતું ? એણે જીમ્મીને રવિનાના ફોનની અંદર રહેલું સીમકાર્ડ ગમે તેમ કરીને હસ્તગત કરી લેવા કહેલું. અને એ એક સીમકાર્ડ, એકાંતનો લાભ લઈને અનિતાએ લઈ લીધેલું પણ જીમ્મીનાં મમ્મીની ભૂલથી એ સીમકાર્ડ ગુમ કે ગેરવલ્લે થયેલું હતું. જીમ્મીએ એ બાબતનો પારાવાર અફસોસ કર્યો હતો પણ ઘણી શોધખોળ કરવા છતાં ય એ સીમકાર્ડ મળ્યું નહોતું.

----

રાત હતી. ઈન્સ. અજય સઘળી બિનાના અંકોડા એક - બીજાની સાથે મેચ કરવાની મથામણ કરતો હતો પણ કશું પ્રાપ્ત થતું નહોતું. આજે બીજો ત્રીજો દિવસ હતો અને ફોન ઉપર થતી વાતચીત અને ઈન્સ્ટ્રકશનને ફોલો કરતો જીમ્મી રેલવે ટ્રેક ઉપર આવનજાવન કરી રહ્યો હતો. આજની રાત... તેને થયું કે સજાનગઢથી ત્રણેક કિ.મી. દૂર એક કિલ્લો આવેલો છે. પણ એ કિલ્લા સુધી જવું કેમ ? ટ્રેન ત્યાં સાંજે છ વાગે પસાર થતી હતી અને સતત ત્રણ દિવસની વોચ, અર્જુન સરની વાત અને જુબાની અને અર્જુનની જુબાની સાથે સજાનગઢ રેલવે સ્ટેશન માસ્ટરે આપેલી માહિતીને એક માળામાં ગૂંથતા એક ટ્રેન રોજ રાત્રે દોઢ વાગ્યે બરાબર અહીંથી પસાર થતી હતી અને જે રીતે દોઢ વાગ્યે બરાબર અહીંથી પસાર થતી હતી અને જે રીતે આંખે પાટા બાંધીને અર્જુન સરને લાવતાં જતા એ સમય પણ એકંદરે મેચીંગ થતો હતો એટલે જો એકવાર કિલ્લો જોવાઈ જાય, તો કલ્યૂ મળી જાય. બાકી જો એકવાર સીમકાર્ડ મળી ગયું, તો તો પછી આખી બાજી ખુલ્લી થઈ જાય પણ આખરે એ સીમકાર્ડ શોધવું ક્યાં ? તેણે એ સીમકાર્ડને છાપાના કટકામાં પડીકી વાળીને ટેબલ ઉપર મૂક્યુ હતું અને કોઈ ક્ષણે એ ટેબલની નીચે પડી ગયું હોવું જોઈએ અને ટેબલની નીચે તો વાસી છાપાની પસ્તી પડી રહેતી હતી, જે મમ્મીએ પસ્તીવાળાને આપી દીધી હતી. કાશ ! એ પસ્તીવાળાને ત્યાં પસ્તી મળી ગઈ હોત. પણ પસ્તીવાળાએ કહ્યું હતું કે, સોરી દોસ્ત ! પસ્તી તો બધી આઝમગઢ મોકલી દીધી છે. હવે ત્યાંથી સીધી જ પેપર મીલમાં પહોંચી ગઈ હોય, રામ જાણે !

એક અફસોસ જીમ્મીના હૈયાને ઘેરી વળ્યો. તેણે બસ એમ જ અનિતાને મેસેજ કર્યો : "હાય ! હાઉ આર યુ ? કેમ છે ?'' જવાબમાં અનિતાએ લેબ. વાળા સાથે રવિનાએ આદરેલ રમત અને ઈન્સ્પેકટરની મુલાકાત અને લેબ. વાળા વિષેનો રિપોર્ટ વોટસએપ મેસેજથી જ આપી દીધો. નીચે લખ્યું : " મીસ યુ ડીયર, તું કયારે આવે છે ? અને હા, પેલુ સીમકાર્ડ ?''

"સોરી જાનુ...'' અફસોસ ઈમોજિસ સાથે વળતાં રીપ્લાય આપતા જીમ્મીએ કહ્યું : "આજ રાત સજાનગઢ રેલવે સ્ટેશન ! હા, સ્ટેશન સાવ સૂમસામ છે. હું છું, સ્ટેશન માસ્ટર છે અને બે ત્રણ સાંધાવાળા છે. પણ હું એકલો નથી. મારી સાથમાં તારી યાદ છે.'' "લવ યુ જીમ્મી...'' વળતા રીપ્લાયમાં એક સામટા "હાર્ટશેપ'' આવ્યા અને જીમ્મી પણ વળતા "લવ યુ ટુ જીમ્મી'' કરીને બાંકડા ઉપર આડો પડયો.

પહાડી ઈલાકો હતો. રાત જલતી સિગારેટની જેમ ચૂપચાપ સળગતી હતી. ક્ષણોની રાખ ધીમે ધીમે ખરતી જતી હતી. સ્ટેશન માસ્ટરે જીમ્મીને કહ્યું : "યંગ બોય, અંદર આવતો રહે. અત્યારે એકલું બહાર સૂઈ રહેવું હિતાવહ નથી. તું પણ મારા દીકરા જેમ કોઈનો લાડકવાયો છો. આ ઈલાકો ખૂનામરકી અને હેવી ક્રાઈમ રેટ વાળો ઈલાકો છે. અત્યારે સાંધાવાળો અને સિગ્નલવાળો પણ જંપીને બેઠા હશે. તું અંદર આવતો રહે...''

"પણ સર, મારે કિલ્લો...''

"હા પણ એ તો સવારે જ જવાશે ને ? અહીંથી બે કિ.મી. દૂર છે. આ રાત જો, બિકાળવીં અને શેતાની છે. ભૂતાવળ નાચતી જણાશે. આ રાતની ખૂંખારતા જેમ રાત વીતતી જશે તેમ તેમ વધુને વધુ તેજ બનતી જશે... એટલે પ્લીઝ... તું...'' અને સ્ટેશન માસ્ટરની લાગણીભરી સમજાવટથી થેલો લઈને સ્ટેશન માસ્ટરની ચેમ્બરમાં આવી ગયો. અને એ બાંકડા ઉપર લંબાવી દીધું. અને કયારે આંખ મીંચાઈ ગઈ એ જ ખબર ન રહી. એ તો અચાનક શોર થવા લાગ્યો કે આંખ ખૂલી ગઈ. એણે જોયું તો રૂમની બહાર ઊભો ઊભો એક આદમી સ્ટેશન માસ્ટર સાથે બહસ કરી રહ્યો હતો.

તેણે માથે કંબલ ઓઢયો હતો. તેનો ચહેરો બહારના પીળા અજવાળામાં ઓઝલવાયો દેખાયો, તો ચહેરો કંઈક જાણીતો લાગ્યો. જીમ્મી ઊભો થઈને ટિકિટબારી સુધી આવ્યો તો માસ્ટરજી સાથે પેલો હજીય બહસ કરી રહ્યો હતો. એક ઝલક !... અને જીમ્મીના મગજ ઉપર વીજળી ખાબકી : 'અરે, આ તો પેલો.... (ક્રમશઃ) ■



# જો તેં આવી પહેલ ન કરી હોત તો...

ધારાવાહી નવલકથા
અમૃત પરમાર




"તારી વાત સો ટકા સાચી છે, જ્યોતિ....'' દામલે વાત સ્વીકારતા કહ્યું. " જો તેં આવી પહેલ ન કરી હોત તો... રાતના સાવ ખુલ્લા ખુલ્લા ભેગા થયા તેમ તો કયારેય ભેગા ન થઈ શકયા હોત, હું તો સાચે જ કહું છું કે, તારી છાતી તો ઠીક પણ તારી આંગળીને અડકતા પણ હું શરમ અનુભવું તેવી વ્યકિત છું, એટલો બધો હું શરમાળ માણસ છું...''

"છતાં પણ હવે તારી ઈચ્છા, તારી માંગ, તારા શરીરની ભૂખ મારા શરીરના માધ્યમથી હાલ પૂરતી તો રાતના જ પૂરી થઈ ગઈ... બરાબર ! હવે એ કહે કે મારામાંથી એટલે કે મારા આ રૂપાળા દેહમાંથી તે શું શું મેળવ્યું... ? તને શું મળ્યું...?'' જ્યોતિ પૂછી બેઠી.

"એ...એ... હું કેમ કહી શકું... જ્યોતિ ! પરંતુ મને, મારા આત્માને, મારા હૃદયને, મારા દિલને એટલી બધી પરમ શાંતિ મળી છે કે, એને એકેય શબ્દોમાં તો વર્ણવી નહીં જ શકાય....'' દામલ ખુશ થઈ બોલતો હતો : "ચરમસીમા નામનો શબ્દ મેં વાંચેલો અને ઘણીવાર સાંભળેલો પણ ખરો પરંતુ એનો અનુભવ તો આહા... હા...! આખું શરીર જાણે ફૂલનું રૂપ ધારણ કરી પાતળી હવામાં, આકાશમાં ઊડતું હોય તેમ મેં અનુભવ્યું. ખરેખર જ્યોતિ, તે તો મારી જિંદગીને સ્વર્ગથી પણ સુંદર રસાળ બનાવી દીધી છે. બસ... મેં તારી પાસેથી... તારા લચીલા શરીરમાંથી આવું બધું નીચોવીને મેળવ્યું છે. પરંતુ, હવે એ તો કહે કે તેં મારામાંથી, મારા શરીરમાંથી શું મેળવ્યું...?''

"દામલ...'' જ્યોતિ સાવ ધીમેથી બોલી : " અત્યારે સવાર સવારમાં આવી વાત કરતા કે કહેતા મને ખૂબ શરમ આવે છે. પરંતુ હજી અહીં સાવ એકાંત છે. વધારે માણસો હજી દેખાતા નથી. વળી છોકરાંઓ તો હજી તૈયાર થઈ રહ્યાં છે. એટલે થોડી વાત કરૂં છું, સાંભળ :

"હું રહી છોકરીની જાત ! ખૂબ ખૂબ રૂપાળીને વળી એટલી જ દેખાવડી, પાંચ હાથ પૂરી. મારો ચહેરો હસીન હસીન, સૌને પહેલી નજરે જ ગમી જાય તેવો. ફક્ત એક નજર કરૂં કે એક ઈશારો કરૂં ત્યાં તો છોકરાઓની લાંબી લાઈ લાગી જાય અને મારી નાની એવી પપ્પી માટે આવા યુવાન છોકરાઓ તો મરવા માટે પણ તૈયાર થઈ જાય. આવું તો મારૂં દેહ લાલિત્ય છે તો પછી આપણા તો થોડા કલાકોના સહવાસમાં એવું તે શું હતું કે... મેં આવેશમાં આવી જઈ તારા હોઠ પર મારા હોઠને ચીપકાવી દીધા. એવું મેં શું કામ કર્યુ ? ખબર છે તને...?-

"અગાઉ કહ્યું તેમ તું તો શરમાળ હતો. તું મને પપ્પી કરવાની હિંમત કે સાહસ તો ન જ કરે એટલે તો મારે જ પહેલ કરવી પડી. પરંતુ શું કામ ? કંઈક તો કારણ હશે જ ને...? નહીંતર તારા સિવાય પણ અને ઘણા નરબંકા યુવાનો ન મળે ? બધું જ મળે ભાઈ બધું જ મળે, પણ મેં તો તને જ શા માટે પસંદ કર્યો... ? એનું પણ કંઈક કારણ તો હશે જ ને ?

"હવે ધ્યાનથી સાંભળ : તને મેં શા માટે પસંદ કર્યો તેનું કારણ હાલ પૂરતું અકબંધ જ રહેશે. આ કારણ અકબંધ રાખવાનું પણ એક મોટું કારણ છે. હું તને છેતરીશ નહીં, કયારેય નહીં છેતરૂં, હું કયારેય ખોટું પણ નહીં બોલું. હંમેશા હું સાચું જ બોલું છું. પરંતુ તારી પસંદગીનું એક માત્ર કારણ અત્યારે તને નહીં કહું. તેની પાછળ એક મોટું રાજ છુપાયું છે. સમય આવશે એટલે એ રાજ વિશે હું તને બધું જ કહીશ. એ પહેલાં તું મને કંઈ પુછતો પણ નહીં....

"હા, તારા શરીરમાં ઉત્પન્ન થયેલી ભુખાળવી ભભૂકતી આગને મેં મારા શરીરમાં, મારૂં મોઢુ ફાડી હસતાં મોઢે મારા પેટમાં સમાવી લીધી. ત્રણ ત્રણ મણનો તારો ભાર મેં મારી કાયા પર હસતાં હસતાં સહી લીધો. જ્યાં ચીમટો ભરે ત્યાં લોહીનો ટશિયો ફૂટી નીકળે તેવા મારો કોમળ ચામડીના ગોરા ગોરા અંગો પર તારા મોઢાનાં બચકાં પણ મેં સહી લીધા. જો હજી મારી છાતી પર અને બીજી એવી જગ્યાએ નિશાન પણ મોજૂદ છે જ. છતાં હું હરફ માત્ર કણસી નહીં. તેનું કારણ શું...?''

"કારણ કે મારે તારા શરીરનું, તારા ગરમ ગરમ લોહીમાંથી બનતી બાષ્પને ઊંડા શ્વાસ ભરીને પીવી હતી. તારા વિચારો, તારા આચારો તથા તારા સિધ્ધાંતોને ભેગા કરી, બધાનો રસ એક કરી પછી મારે એ રસ ઘૂંટડે ઘૂંટડે ભરી પીવો હતો. એટલા ખાતર તો ઝટકા પર ઝટકા ખમી લઈ, એક પણ બુંદ નીચે ઢોળાયા વગર તારા રસની અમૃતની આખી પ્યાલી મારે ભરી પીવી હતી, અને એવી પ્યાલી મેં પી લીધી. એવું એ અમૃત પીધા પછી ધરાયાનો ઓડકાર પણ ખાઈ લીધો. હું સાવ શાંત થઈ, મારી ઉષ્મા, મારો બાફ, મારી ગરમી અને મારો બધો જ રસ એ અમીરસમાં ઓતપ્રોત થઈ ભળી જઈ, મારા ઉદરનાં પોલાણમાં સમાઈ ગયો. હવે એ અમીરસનું તેજ કયારે પ્રકાશશે તે જ મારે હવે જોવાનું બાકી છે. અને એની એ ક્ષણ માટે ત્રણ મહિનાના સમયની જરૂર પડે તેમ છે...'' આટલું બધું એકધારૂં બોલ્યા પછી જ્યોતિ હવે બોલતી બંધ થઈન્સ.

"જ્યોતિ, જ્યોતિ..., આ બધું તું આવું આવું ન સમજાય તેવું શું શું બોલી રહી છે...'' દામલે ખરેખર ચિંતા વ્યક્ત કરતા કહ્યું ! તું મનોવિજ્ઞાનની વિદ્યાર્થિની તો નથીને ? કે પછી સાઈકો....''

"દામલ..., હું જ્યોતિ છું. તને સમજ ન આવી ? આ તો તારી ધગધગતી ચામડીની સ્પર્શીલી ત્વચાનો જ ચમત્કાર છે, પરચો છે.. આમાં મેં કંઈ ખોટું કહ્યું જ નથી. પરંતુ સમજવાની શક્તિ દરેક વ્યક્તિમાં અલગ અલગ હોય છે...''

"સાચે જ, હું તો માત્ર તારા આટલા મોટા ભાષણને પચીસ ટકા માંડ સમજી શક્યો છું....''

(ક્રમશઃ) ■



.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઇન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# અમેરીકામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિશ્વ શાંતિ પુરસ્કાર આપવાની જાહેરાત

વોશિંગ્ટન,તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિશ્વ શાંતિ પુરસ્કાર આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ એવોર્ડ તેમને અમેરિકામાં આપવામાં આવશે. ઈન્ડિયન અમેરિકન માઈનોરિટીઝ એસોસિએશને મેરીલેન્ડના સ્લિગો સેવન્થ ડે એડવેન્ટિસ્ટ ચર્ચ દ્વારા આ જાહેરાત કરી છે. તે એક એનજીઓ છે. આ પગલું ભરવાનો હેતુ અમેરિકામાં ભારતીય લઘુમતી સમુદાયના લોકોને તેમના કલ્યાણને પ્રોત્સાહન આપવા માટે એક થવાનો છે. આ એવોર્ડ પીએમ મોદીને વિશ્વ શાંતિ અને સમાજને એક કરવા માટેના પ્રયાસો માટે આપવામાં આવશે.



આ કાર્યક્રમ દરમિયાન પીએમ મોદીને લઘુમતીઓના ઉત્થાન માટે વોશિંગ્ટનમાં માર્ટિન લ્યુથર કિંગ જુનિયર ગ્લોબલ પીસ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે. આ એવોર્ડ વોશિંગ્ટન એડવેન્ટિસ્ટ યુનિવર્સિટી અને AIAM દ્વારા સંયુક્ત રીતે આપવામાં આવશે. જેનો ઉદ્દેશ્ય લઘુમતીઓના કલ્યાણની સાથે તેમના સમાવેશી વિકાસનો છે. જાણીતા પરોપકારી જસદીપ સિંહને AIM સ્થાપક અને અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. લઘુમતી સમુદાયને પ્રોત્સાહિત કરવા માટે તેમાં ૭ સભ્યોનું બોર્ડ ઓફ ડિરેક્ટર્સ પણ છે. તેમાં બલજિન્દર સિંઘ, ડૉ. સુખપાલ ધનોઆ (શીખ), પવન બેઝવાડા અને એલિશા પુલિવર્તી (ખ્રિસ્તી), દીપક ઠક્કર (હિંદુ), જુનેદ કાઝી (મુસ્લિમ) અને ભારતીય વણકર નિસિમ રિવબેન શાલનો સમાવેશ થાય છે.

# યુપીના બિજનૌરમાં સ્કોર્પિયો કાર ઝાડ સાથે અથડાતાં એક જ પરિવારના ચાર લોકોના મોત

(એચ.એસ.એલ),બિજનૌર,તા.૨૩

ઉત્તર પ્રદેશના બિજનૌર જિલ્લામાં એક મોટો અકસ્માત થયો છે. અહીં એક ઝડપી કાર ઝાડ સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર એક મહિલા અને તેના બે બાળકો સહિત એક જ પરિવારના ચાર સભ્યોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. તેમજ ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

પૂર્વી ક્ષેત્રના અધિક પોલીસ અધિક્ષક (એએસપી) ધરમ સિંહ મરચલે જણાવ્યું હતું કે શુક્રવારે રાત્રે લગભગ ૧૦.૩૦ વાગ્યે નજીબાબાદથી નહતૌર ગામ નસીરપુર જઈ રહેલી સ્કોર્પિયો કાર કાબૂ બહાર ગઈ હતી અને રસ્તાની બાજુમાં એક ઝાડ સાથે અથડાઈ હતી. એએસપીએ જણાવ્યું કે કાર સવાર સુલતાનની પત્નિ ગુલ્ફસા (૨૮), તેની આઠ દિવસની પુત્રી અનાદિયા, મોટી પુત્રી અલીશા (૬) અને બહેન ચાંદ બાનો (૩૫)નું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે સુલતાન, જે કાર ચલાવી રહ્યો હતો, તેનો પાંચ વર્ષનો પુત્ર શાદ અને



ભત્રીજી અદીબા (૧૪) ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમણે કહ્યું કે ત્રણેયને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. ઘટના બાદ મૃતકના પરિવારજનો કફોડી હાલતમાં છે અને રડી રહ્યા છે. એક દિવસ પહેલા, ઝાંસી-ખજુરાહો હાઈવે પર એક ટ્રક સાથે કાર અથડાતાં ત્રણ લોકોના મોત થયા હતા અને અન્ય ચાર ઘાયલ થયા હતા.

# ગૌતમ અદાણી અને તેના ભત્રીજાને લાંચ કેસમાં અમેરીકાનું તેડુ

ન્યુ દિલ્હી,તા.૨૩



અદાણી ગ્રૂપના સંસ્થાપક તેમજ ચેરમેને ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી વિરુદ્ધના લાંચ કેસમાં અમેરિકાનું તેડું આવ્યું છે. યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (SEC)એ બંનેને સમન્સ પાઠવ્યા છે અને સૌર ઊર્જા સંબંધિત પ્રોજેક્ટનો કોન્ટ્રાક્ટ મેળવવા માટે ૨૬૫ મિલિયન ડૉલર (૨૨૦૦ કરોડ રૂપિયા)ની લાંચ આપવાના આરોપ મુદ્દે જવાબ આપવા કહ્યું છે. એસઈસીએ ગૌતમ અદાણીના અમદાવાદમાં આવેલા શાંતિવન ફાર્મ નિવાસસ્થાન અને તેમના ભત્રીજા સાગરને બોડકદેવના નિવાસસ્થાન પર સમન્સ મોકલી ૨૧ દિવસમાં જવાબ આપવા આદેશ કર્યો છે.

# ફ્લાઈટ મોડી થશે તો મુસાફરોને ભોજન આપવા એરલાઈન્સને આદેશ

મુંબઈ,તા.૨૩

શિયાળાની ઋતુમાં ધુમ્મસના કારણે ફ્લાઈટ્સ ડીલે થતી રહેતી હોય છે. જેના કારણે યાત્રીઓને પરેશાનીનો સામનો કરવો પડે છે. આને ધ્યાનમાં રાખીને ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) એ એરલાઈન્સને ફ્લાઈટમાં વિલંબ દરમિયાન મુસાફરોની સુવિધાનું ધ્યાન




રાખવાની સૂચના આપી છે. DGCAએ ફ્લાઈટમાં વિલંબ થવાના કિસ્સામાં મુસાફરોને પાણી, નાસ્તો અને ખોરાક આપવાનું કહ્યું છે. DGCAએ અનુસાર જો ફ્લાઈટ બે કલાક લેટ થાય છે તો એરલાઈને યાત્રીઓને પીવાની પાણી ઉપલબ્ધ કરાવવાનું રહેશે. તેમજ જો બેથી ચાર કલાક માટે જો ફ્લાઈટ લેટ થાય છે તો ચા-કોફીની સાથે નાસ્તો પણ આપવાની સલાહ ડીજીસીએ કરી છે. જો ચાર કલાકથી વધુ લેટ થાય છે તો એરલાઈન્સે ભોજનની વ્યવસ્થા પણ કરી આપવાની રહેશે.

# વાયનાડની બેઠક પરથી પ્રિયંકા ગાંધી ૬ લાખ વોટથી વિજેતા

વાયનાડ,તા.૨૩

વાયનાડ બેઠક પરથી જ કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી ૬૧૭૯૪૨ મત મેળવીને ડાબેરી મોરચા (CPI)ના સત્યન મોકેરી અને ભાજપના નવ્યા હરિદાસને હરાવ્યા છે. ગાંધી પરિવારમાંથી જવાહરલાલ નેહરુ, ઈન્દિરા ગાંધી, ફિરોઝ ગાંધી, સંજય ગાંધી, રાજીવ ગાંધી, સોનિયા ગાંધી, મેનકા ગાંધી, વરુણ ગાંધી અને રાહુલ ગાંધી રાજકારણમાં આવી ચૂક્યા છે. હવે પ્રિયંકા ગાંધી પોતાના રાજકારણની શરૂઆત



દેશના દક્ષિણ ભાગથી કરશે. નોંધનીય છે કે આ જ બેઠક પરથી તેમના ભાઈ રાહુલ ગાંધી ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ૩,૬૪,૪૨૨ મતોથી વિજયી થયા હતા. જયારે પ્રિયંકા ગાંધીએ ૪,૦૮,૦૩૬ મતોથી લીડ મેળવી છે.

# રાજસ્થાનમાં પાંચ બેઠકો પર કમળ ખીલ્યું, ઝુંઝનુમાં ૨૦ વર્ષ બાદ ભાજપે જીત મેળવી

જયપુર,તા.૨૩

રાજસ્થાન વિધાનસભામાં ભાજપના ધારાસભ્યોની સંખ્યા વધીને ૧૧૯ થઈ ગઈ છે. પેટાચૂંટણીમાં ભાજપે પાંચ બેઠકો જીતી છે. જેમાં સાલમ્બર, ખિંવસર, ઝુંઝુનુ, દેવલી-ઉનિયારા અને રામગઢ સીટનો સમાવેશ થાય છે. ઝુંઝુનુમાં ભાજપની જીત આ દૃષ્ટિએ પણ મહત્વની છે. કારણ



કે ભાજપે દાયકાઓથી અહીં ચૂંટણી જીતી ન હતી. ભાજપે છેલ્લે ૨૦૦૩માં આ સીટ જીતી હતી. ત્યારથી બ્રિજેન્દ્ર ઓલા કોંગ્રેસની ટિકિટ પર આ સીટ જીતતા રહ્યા. તેથી આ બેઠક કોંગ્રેસ અને ઓલા પરિવારનો ગઢ ગણાતી હતી. હવે ભાજપના રાજેન્દ્ર ભામ્બુએ બ્રિજેન્દ્ર ઓલાના પુત્ર અને કોંગ્રેસના ઉમેદવાર અમિત ઓલાને ૪૨,૮૨૮ મતોના જંગી માર્જિનથી હરાવ્યા છે.

ખાસ વાત એ છે કે ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં પણ રાજેન્દ્ર ભામ્બુએ ભાજપની ટિકિટ પર ચૂંટણી લડી હતી અને તે ચૂંટણીમાં ભમ્બુને કુલ ૪૨,૪૦૭ વોટ મળ્યા હતા.

# પર્થ ટેસ્ટમાં ભારતે બીજી ઈનીંગમાં ઓસ્ટ્રેલીયાના બોલરોને હફાવ્યા, વિના વિકેટ ૧૭૨ રન

પર્થ,તા.૨૩

બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પ્રથમ મેચમાં ભારતે ઓસ્ટ્રેલિયા પર ૨૧૮ રનની લીડ મેળવી લીધી છે. શનિવારે બીજા દિવસની રમતના અંત સુધીમાં ભારતીય ટીમે બીજી ઈનિંગમાં વિના નુકસાન ૧૭૨ રન બનાવી લીધા હતા. યશસ્વી જયસ્વાલ ૯૦ અને કેએલ રાહુલ ૬૨ રન બનાવીને અણનમ પરત ફર્યા હતા. બંનેએ ૩૪૬ બોલમાં ૧૭૨ રનની ઓપનિંગ ભાગીદારી કરી છે. ઓસ્ટ્રેલિયાએ પર્થમાં સવારે ૬૭/૭ના સ્કોર સાથે રમવાની શરૂઆત કરી હતી. ટીમે ૩૭ રનમાં છેલ્લી ૩ વિકેટ ગુમાવી દીધી હતી. આ રીતે ભારતને પહેલી ઈનિંગના આધારે ૪૬ રનની લીડ મળી હતી. વિકેટકીપર એલેક્સ કેરી પ્રથમ દિવસે તેના સ્કોરમાં માત્ર ૨ રન જ ઉમેરી શક્યો હતો અને તેણે કુલ ૨૧ રન બનાવ્યા હતા જ્યારે નાથન લાયને ૫ રનનું



યોગદાન આપ્યું હતું. મિચેલ સ્ટાર્કે સૌથી વધુ ૨૬ રન બનાવ્યા હતા. ભારતીય કેપ્ટન જસપ્રીત બુમરાહે ૫ વિકેટ લીધી હતી. ડેબ્યુટન્ટ હર્ષિત રાણાએ ૩ વિકેટ લીધી હતી. મોહમ્મદ સિરાજને ૨ વિકેટ મળી હતી. શુક્રવારે મેચના પહેલા દિવસે ભારતીય ટીમ ૧૫૦ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ટીમ ઈન્ડિયાએ ટૉસ જીતીને બેટિંગ પસંદ કરી હતી.

# ધોરાજીમાં સગીર વયની દીકરી ઉપર દુષ્કર્મ કરતાં નરાધમ પિતાને ૨૦ વર્ષ જેલની સજા

ધોરાજી, તા.૨૩

ધોરાજીના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ અલી હુસેન મોહીબુલ્લા શેખે ધોરાજી તાલુકાના આરોપીને પોતાની જ સગી દીકરી ઉપર વારંવાર દુષ્કર્મ કરવાની ફરિયાદને લઈ થયેલ ચાર્જ શીટ બાદ ખૂબ જ ઓછા સમયમાં આખો કેસ ચલાવી આજીવન કેદની સજા ફટકારી હતી. પીડિતાની સગી માતા તે માત્ર છ માસની હતી ત્યારે અવસાન પામી હતી. આ ભોગ બનનાર તેના દાદી અને પરદાદી સાથે રહેતા હતા. સગીરાના પિતા સામે તે સમયે પણ પોતાની પત્નિને આત્મહત્યા કરવા માટે દુષ્પ પ્રેરણા આપવા અંગેનો ગુનો દાખલ થયો હતો પરંતુ તે કેસમાં સજા થઈ શકી નહોતી. આરોપીએ બીજા લગ્ન કરેલા અને પોતાના નવા પત્નિ અને પરિવાર સાથે તે જ ગામમાં રહેતા હતા. ત્યારબાદ બનાવથી આશરે થોડા સમય પહેલા ભોગ બનનારને પોતાની ઘરે બોલાવેલ અને રાત્રિના સમયે રાત્રિ દરમિયાન બે વખત દુષ્કર્મ આચરેલું હતું. દુષ્કર્મનો સિલસિલો વારંવાર ચાલુ રહ્યો હતો. અંતે ભોગ બનનારે હિંમત કરી અને કાયદાનો સહારો લીધો હતો. આરોપી પર દારૂ જુગાર અને પોતાની પત્નિને આત્મહત્યા કરવા માટે દુષપ્રેરણા આપવા સહિતના ગંભીર ગુનાઓ નોંધાયેલા હતા.

# કોડીનાર કેફેના મારામારીના બનાવ કેફે સંચાલક સહિત ૧૦ શખ્સો સામે ગુનો નોંધાયો

કોડીનાર તા.૨૩

કોડીનાર શહેરમાં આવેલા જગદીશ કેફેમાં બનેલા મારામારીના બનાવમાં કેફે સંચાલક દ્વારા ૮ શખ્સો સામે પોલીસ ફરીયાદ કર્યા બાદ સામા પક્ષ દ્વારા કેફે સંચાલકો સહિત ૧૦ શખ્સો વિરુદ્ધ હુમલો કરી ગંભીર ઈજાઓ કર્યાની પોલીસ ફરીયાદ નોંધાવી હતી. શૈલેષ કરસનભાઈ વાઢેળ એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમની માસીના દીકરાની પત્નિની ઈન્સ્ટાગ્રામ આઈ.ડી.માં ભાવિક સાવનિયાએ મેસેજ કર્યો હતો. જે અંગે ઠપકો આપવા જતાં ૧૦ શખ્સોએ લોખંડના પાઈપ લાકડાના ધોખા વડે આડેધડ માર મારી ગંભીર ઈજા કર્યાની ફરીયાદ નોંધાવી હતી. પોલીસે આ અંગે ફરીયાદ નોંધી આરોપીઓને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

**પર્યાવરણ મંત્રીએ મુખ્ય સચિવને પત્ર લખી કડક પગલા ભરવા જણાવ્યું**

# દિલ્હી પાંચ દિવસ પછી ફરી ગેસ ચેમ્બરમાં ફેરવાઈ, ૯ વિસ્તારોમાં પ્રદુષણ ગંભીર

ન્યુ દિલ્હી,તા.૨૩

દિલ્હી ૫ દિવસ પછી ફરી ગેસ ચેમ્બરમાં ફેરવાઈ ગયું. શનિવારે સવારે ૬ વાગ્યે પણ દિલ્હીના ૯ વિસ્તારોમાં પ્રદૂષણ ગંભીર શ્રેણીમાં નોંધાયું હતું. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અનુસાર, દિલ્હીના વજીરપુરની હવા સૌથી વધુ ઝેરી છે. અહીં AQI ૪૬૭ નોંધાયો હતો. તેમજ, દિલ્હીનો સરેરાશ AQI ૪૧૯



નોંધાયો હતો. વધતા પ્રદૂષણને લઈને દિલ્હીના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે દિલ્હીના મુખ્ય સચિવને GRAP-૪ના નિયંત્રણોને કડક રીતે લાગુ કરવા માટે પત્ર લખ્યો હતો. તેમણે કહ્યું કે મુખ્ય સચિવે પર્સનલી દેખરેખ રાખવી જોઈએ. પત્રમાં તેમણે લખ્યું- દિલ્હીના તમામ વિભાગોએ GRAP-૪ સંબંધિત દૈનિક અહેવાલો જાહેર કરવા જોઈએ. આનાથી એવા ક્ષેત્રોને ઓળખવામાં મદદ મળશે કે જેના પર વધુ ધ્યાન આપવાની જરૂર છે.

# ધોરાજી નદી બજારમાં ગંદકીની સમસ્યા, વેપારીઓએ ઉચ્ચ કક્ષાએ કરી રજૂઆત

ધોરાજી,તા.૨૩

ધોરાજી નદી બજાર દાણા પીઠ વિસ્તારમાં ગંદકી અને કચરાની સમસ્યાએ ભયાનક સ્વરૂપ ધારણ કર્યું છે. આ વિસ્તારમાં હોલસેલ અનાજ અને કરિયાણાના વેપારીઓની દુકાનો આવેલી છે. પરંતુ આ વિસ્તારમાં પડેલા કચરાના ઢગલા અને ગંદકીને કારણે વેપારીઓ અને ગ્રાહકોને ભારે હાલાકી ભોગવવી


તસવીર : નયન કુહાડીયા

પડી રહી છે.ધોરાજી હોલસેલ ગ્રેઈન મર્ચન્ટ એસોસિએશનના પ્રમુખ રાજુભાઈએ જણાવ્યું હતું કે, નદી બજાર વિસ્તારમાં એન. કે. ટ્રેડર્સ સહિતની દુકાનો પાસેના જાહેર રસ્તાઓ પર ગંદકી અને કચરાના ઢગલા જામી ગયા છે. આ સમસ્યાને દૂર કરવા માટે અવારનવાર નગરપાલિકાને રજૂઆત કરવા છતાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.વેપારીઓએ આક્ષેપ કર્યો છે કે, નગરપાલિકા તંત્ર સ્વચ્છતા અભિયાન અંતર્ગત આ વિસ્તારમાં સફાઈ કામગીરી કરવામાં બેદરકારી દાખવી રહ્યું છે.

# કોડીનાર ફોરટ્રેક વેરાવળ બાયપાસ પર અકસ્માતોનું જોખમ વધતાં બેરીકેડ મુકાયાં

ઉના, તા.૨૩

કોડીનાર-વેરાવળના ફોરટ્રેક ૮ કિ.મી.ના બાયપાસ પર ચાર જગ્યા પર અકસ્માતોનું જોખમ વધતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. કોડીનાર ઉનાને જોડતા રોડ પર વચ્ચે બાયપાસ ચોકડી, કોડીનાર રોણાજ રોડ ચોકડી, વડનગર રોડ ચોકડી, કોડીનાર-વેરાવળ રોડ બાયપાસ શરૂઆત આ તમામ


તસવીર : કૈલાશ ભટ્ટ

જગ્યા પર અકસ્માતો વધી રહ્યા છે. હાઈવે પર ઓવર બ્રિજ ન હોવાના કારણે વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. જોકે, કોડીનાર પાલિકાના પૂર્વ પ્રમુખ શિવાભાઈ સોલંકીએ પોતાના દોઢ લાખના ખર્ચે ચારેય ચોકડી પર સિમેન્ટ અને કોંક્રિટના બેરીકેડ તૈયાર કરાવીને ટ્રેકટર અને ક્રેન મારફતે મુકવાની કામગીરી હાથ ધરી હતી, જેથી અકસ્માતોનું પ્રમાણ ઘટી શકે. આ ચાર જગ્યા પર અકસ્માતના ખતરાને લઈ ભારે રજૂઆતો બાદ પણ ઓવર બ્રિજ ન બનતા અકસ્માતોની ઘટના વધી હતી.

# સાવરકુંડલાના મામા-ભાણેજની સુરતમાં બોગસ દસ્તાવેજ બનાવવા બદલ ધરપકડ

સુરત,તા.૨૩

સુરતના મોટા વરાછા થઈ દુબઈથી ચાલતા ૧૧૧ કરોડના ઓનલાઈન ચીટિંગમાં પકડાયેલા આરોપી નાનજી બારૈયાએ આધારકાર્ડમાં એડ્રેસ ચેંજ કરાવ્યું તે ગ્રાહક સેવા કેન્દ્ર પર સાયબર ક્રાઈમે રેડ કરી મામા-ભાણેજને પકડી પાડ્યા છે. તેમના લેપટોપમાંથી ભાજપના મહિલા કોર્પોરેટરની ડિજિટલ સહી અને સિક્કા ઉપરાંત ૨૦૫ ચૂંટણીકાર્ડ અને પાનકાર્ડ સહિતના બોગસ ડોક્યુમેન્ટો મળી આવ્યા છે. આરોપીએ સીએસસીમાં



આધારકાર્ડ અને ચૂંટણીકાર્ડમાં એડ્રેસ ચેંજ કરાવવામાં બોગસ ડોક્યુમેન્ટો બનાવી અપલોડ કરી દેતા હતા. સાયબર ક્રાઈમના કર્મી યોગેશે વરાછા પોલીસમાં ફરિયાદ આપતાં પોલીસે કેન્દ્રના સંચાલક ભાવેશ ગજેરા (ઉં.વ.૩૪, રહે. બી ૧૧ ગોપીનાથજીનગર લજામણી ચોક મોટા વરાછા મૂળ રહે. વંડા ગામ, તા. સાવરકુંડલા, જિ.અમરેલી) અને તેના ભાણેજ પ્રતિક કોલડીયા (ઉં.વ.૨૨, રહે. બી ૩૪ ગોપીનાથજી નગર લજામણી ચોક મોટા વરાછા, મૂળ રહે. દાધીયા ગામ, તા.સાવરકુંડલા, જિ.અમરેલી) સામે ગુનો નોંધી ધરપકડ કરી છે. કોર્ટે બંનેના ૩ દિવસના રિમાન્ડ આપ્યા છે. બંને આરોપી મહિલા કોર્પોરેટરની જાણ બહાર ડિજિટલ સહી-સિક્કા મેળવીને ખેલ કરતા હતા. સાઈબર ક્રાઈમની ટીમે બે દિવસ પહેલાં વરાછા વૃદાવન સોસાયટીના ગ્રાહક સેવા કેન્દ્ર પર દરોડા પાડ્યા હતા. સેન્ટરમાંથી ૨ લેપટોપ, ૩ મોબાઈલ, મોર્ફો (ફિંગર પ્રિન્ટ ડિવાઈસ), વેબકેમ સહિત ૧.૩૩ લાખની મતા જપ્ત કરી હતી.

### ભાવેશ ગજેરાએ કર્મચારીને ૧૫ હજાર પગાર પર રાખ્યો હતો

સીએસસી સેન્ટર ચલાવનાર ભાવેશ ગજેરાએ કર્મચારી પ્રતિકને ૧૫ હજારના પગાર પર રાખ્યો હતો. બોગસ ડોક્યુમેન્ટો બનાવવાનું ભાવેશે પ્રતિકને શીખવ્યું હતું. ૩૦૦થી ૫૦૦ રૂપિયા લઈ બોગસ ડોક્યુમેન્ટના આધારે એડ્રેસ ચેંજ કરી આપતા હોવાની પણ વાત છે.

### મે કોઈ સહી-સિક્કા કર્યા નથી : મહીલા કોર્પોરેટર

આ મામલે વોર્ડ નંબર ૧ના મહિલા કોર્પોરેટર ભાવીષા પટેલે જણાવ્યું હતું કે, મેં કોઈ ડોક્યુમેન્ટ આપ્યા નથી. મને આ બાબતે કોઈ જાણકારી નથી. મારી સહી અને સિક્કાનો ખોટી રીતે ઉપયોગ કરાયો છે. વળી આ વિસ્તાર પણ મારો નથી. હું આ બાબતે પોલીસ ફરિયાદ કરીશ.

# રાજયમાં શિક્ષકોની ખાલી જગ્યાએ જ્ઞાન સહાયકની ભરતી માટે શાળાઓને સત્તા આપવા રજૂઆત

ગાંધીનગર,તા.૨૩

રાજ્યભરમાં ૩૧ ઓક્ટોબરે અનેક શિક્ષકો નિવૃત્ત થતા શિક્ષકોની ખાલી જગ્યાએ અને અગાઉની જ્ઞાન સહાયકની ખાલી જગ્યાઓ,વર્ગ વધારાના કારણે નવી ઊભી થનાર જગ્યા ઉપર કાયમી ભરતી ના થાય ત્યાં સુધી વચગાળાની વ્યવસ્થાના માટે જિલ્લા કક્ષાએથી જ્ઞાન સહાયક ફાળવવા અને જ્ઞાન સહાયકની પસંદગી કરવા માટે સ્કૂલોમાં સત્તા આપવા માટે શૈક્ષિક સંઘે શિક્ષણમંત્રીને રજૂઆત કરી છે. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે શિક્ષણમંત્રી કુબેર ડિંડોરને પત્ર લખીને જણાવ્યું છે કે, ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ ના પ્રથમ સત્રના અંતમાં ગુજરાતમાં ઘણા શિક્ષકો



નિવૃત્ત થયા છે. તેઓની નિવૃત્તિના કારણે સ્કૂલમાં ઘણી જગ્યાઓ ખાલી પડી છે.અગાઉ જ્ઞાન સહાયકની ખાલી જગ્યા તથા વર્ગ વધારાના કારણે નવી ઉભી થનાર જગ્યા ઉપર જ્યાં સુધી કાયમી ભરતી ના થાય ત્યાં સુધી વચગાળાની રાહતરૂપે જ્ઞાન સહાયકની ભરતી કરવામાં આવે તો ગુજરાત શિક્ષણના કેન્દ્ર રૂપ વિદ્યાર્થીઓના અભ્યાસ પર કોઈ વિપરીત અસર ના થાય.આગામી ફેબ્રુઆરીમાં બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષા તથા શાળાની વાર્ષિક પરીક્ષાને ધ્યાને રાખી આટલી મોટી સંખ્યામાં શિક્ષકોની જગ્યા ખાલી રહે તે શિક્ષણ હિતમાં નથી.

# વડોદરાના આરોગ્ય અધિકારીને ડિજિટલ એરેસ્ટ કરનાર ચાર ઝડપાયા

વડોદરા,તા.૨૩

વડોદરામાં થોડા સમય પહેલા પાર્સલમાં ડ્રગ્સ હોવાના નામે જિલ્લાના એક આરોગ્ય અધિકારીને ડિજિટલ એરેસ્ટ કરી ૩૨.૫૦ લાખ પડાવી લેવાના કિસ્સામાં સંડોવાયેલા ચાર સાગરીતોને ઝડપી પાડવામાં વડોદરા પોલીસને સફળતા મળી છે. વડોદરા જિલ્લા પંચાયતમાં આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા ડોક્ટર સાથે થોડા સમય પહેલા ડિજિટલ એરેસ્ટનો બનાવ બન્યો હતો. જેમાં બેંગકોક ખાતે મોકલેલા પાર્સલમાં ડ્રગ્સ હોવાનું કહી ડિજિટલ એરેસ્ટ કરવામાં આવ્યા હતા. તબીબને વિશ્વાસમાં લેવા માટે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ તેમજ સીબીઆઈના



નામના પત્રો પણ મોકલવામાં આવ્યા હતા. જેથી તપાસમાં સહયોગના નામે તબીબના એકાઉન્ટમાંથી ૩૨.૫૦ લાખ ટ્રાન્સફર કરી લેવામાં આવ્યા હતા. આ રકમ તપાસ પૂરી થતાં જ પરત કરવાની ખાતરી આપવામાં આવી હતી. પરંતુ પરત કરી ન હતી. ઉપરોક્ત રકમ તબીબીના ભાઈની હોવાથી તેમને એટેક પણ આવી ગયો હતો.

# મહારાષ્ટ્રના લોકોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની નીતિઓનો સ્વીકાર કર્યો છે : ઋષિકેશ પટેલ

(એચ.એસ.એલ),સોમનાથ,તા.૨૩

મહારાષ્ટ્ર ઝારખંડ વિધાન સભાનું આજે પરિણામ જાહેર થયું છે. સાથે જ ગુજરાતની વાવ વિધાન સભાની પેટાચૂંટણીનું પરિણામ પણ જાહેર થઈ ચૂક્યું છે અને મહારાષ્ટ્ર અને ગુજરાતના વાવમાં ભાજપનો ભગવો લહેરાયો છે. સોમનાથ ખાતે યોજાયેલી ચિંતન શિબિરમાં ભાજપ નેતાઓમાં ખુશી જોવા



મળી હતી. ચિંતન શિબિરમાં આવેલા ભાજપના નેતા અને મંત્રી ઋષિકેશ પટેલે પ્રતિક્રિયા આપતા કહ્યું કે ગુજરાતમાં લોકોનો વિશ્વાસ અમે જીત્યો છે, ગુજરાતમાં તો ભાજપની સરકાર છે જ પરંતુ હવે વાવના સ્વરૂપસિંહ વિધાનસભાના ધારાસભ્ય બની ચુક્યા છે. તો મહારાષ્ટ્રમાં જે પ્રમાણેની ચર્ચાઓ થતી હતી. જેમાં ભાજપ જીતે તે ચર્ચાઓ સાંભળવા મળતી હતી પરંતુ પરિણામ અકલ્પનીય આવ્યું છે. અને મહારાષ્ટ્રના લોકોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની નીતિઓનો સ્વીકાર કર્યો છે.

# રાજયમાં ધીમે-ધીમે જામતો શિયાળો, ગાંધીનગર ૧૧.૬ ડિગ્રી સાથે ઠંડુ શહેર

ગાંધીનગર,તા.૨૩

રાજ્યમાં અંતે શિયાળાએ અસર દેખાવાની શરૂઆત કરી છે. સવારના અને રાત્રિના સમયે કડકડતી ઠંડીનો અનુભવ થતા લોકોએ ગરમ કપડા પહેરવાની શરૂઆત કરવી પડી છે. રાજ્યના ૧૦ સેન્ટરો પર



તાપમાનનો પારો ગગડીને ૧૫ ડિગ્રી નીચે પહોંચ્યો હતો. પાટનગર ગાંધીનગર ૧૧.૬ ડિગ્રી સાથે સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. છેલ્લા ૨૪ કલાક દરમિયાન અમદાવાદ શહેરમાં ૧૫.૭ ડિગ્રી, બરોડા ૧૪.૪ ડિગ્રી, રાજકોટ ૧૪.૦ ડિગ્રી અને સુરતમાં ૧૯.૦ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. રાજ્યમાં શિયાળાના પ્રારંભ સાથે ઉત્તર-પૂર્વ તરફથી પવન ફૂંકાવાની શરૂઆત થઈ છે. જેના કારણે મોટાભાગના શહેરોમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. રાજ્યમાં આજે સવારે સાડા આઠ વાગ્યે પૂરા થતા ચોવીસ કલાક દરમિયાન હવામાન વિભાગના મોટાભાગના સેન્ટર પર મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રીથી નીચે જ્યારે લઘુત્તમ તાપમાન ૨૧ ડિગ્રીથી નીચે નોંધાયું હતું.

# ડો.પ્રશાંતે અમદાવાદની ૪ હોસ્પિટલમાં પણ ઓપરેશન કર્યા હોવાનુ ખુલ્યુ

**ક્રાઈમબ્રાંચે કોમ્પ્યુટરમાંથી એન્જિયોગ્રાફી, એન્જિયોપ્લાસ્ટીનો ડેટા કબજે કર્યો**

અમદાવાદ,તા.૨૩

ખ્યાતિ હોસ્પિટલના કૌભાંડનો રેલો હવે અન્ય હોસ્પિટલો સુધી પહોંચ્યો છે. ક્રાઈમ બ્રાંચે શહેરની સંજીવની, અર્થમ, હેલ્થ વન અને આરના જ્યારે કડીની ભાગ્યોદય હોસ્પિટલ સામે તપાસ શરૂ કરી છે. ડૉ. પ્રશાંત વજીરાણીએ આ હોસ્પિટલોમાં એન્જિયોપ્લાસ્ટી-એન્જિયોગ્રાફી કરી હતી. હોસ્પિટલો તરફથી આરોપી ડૉ. વજીરાણીને કેટલા રૂપિયા અપાયા હતા તેની તપાસ ચાલુ કરાઈ છે. આ ઉપરાંત ક્રાઈમ બ્રાંચે ખ્યાતિના કેથલેટ વિભાગમાં લાગેલા સર્વર-કમ્પ્યુટરમાંથી એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટીનો સંપૂર્ણ ડેટા



કબજે કર્યો છે. ક્રાઈમ બ્રાંચના સૂત્રોના જણાવ્યા અનુસાર, ઓસ્ટ્રેલિયાથી પરત નહીં આવેલા ખ્યાતિ હોસ્પિટલના માલિક કાર્તિક પટેલના ફાર્મ હાઉસ પર જ્યારે અન્ય આરોપીઓના સ્થળો પર સર્ચ કરવામાં આવ્યું છે. ડૉ. પ્રશાંત વજીરાણી સિવાયના આરોપી હજુ પોલીસને હાથ લાગ્યા નથી. ગુરુવારે ક્રાઈમ બ્રાંચે તમામ ફરાર આરોપીનાં ઘરનાં તાળાં તોડીને સર્ચ કરી કેટલાક દસ્તાવેજ, ફાઈલો જપ્ત કર્યા હતા.

# અમદાવાદમાં ૧.૮૧ લાખ રૂપિયાની કિંમતના ગાંજા સાથે બે શખ્સો ઝડપાયા

અમદાવાદ,તા.૨૩

અમદાવાદ ક્રાઈમ બ્રાંચે માહિતીને આધારે દાણીલીમડામાંથી બે શકસોની ધરપકડ કરીને તેમની પાસેથી રૂ.૧,૮૧,૩૯૦ ની કિંમતનો ગાંજાનો જથ્થો કબજે કર્યો છે. ક્રાઈમ બ્રાંચને માહિતી મળી હતી કે સમીર એમ.ઘાંચી નામનો શખ્સ તેના મિત્ર ફરદીન પઠાણ સાથે સુરતથી ગેરકાયદે ગાંજાનો જથ્થો પલ્સર બાઈક પર લઈને ચંડોળા તળાવ સામે બેરલ માર્કેટ રોડ તરફ જવાના છે. જેને આધારે પોલીસે જાળ બિછાવીને બેરલ માર્કેટ રોડ પરથી બન્ને શખ્સોને ઝડપી લઈને તેમની પાસેથી રૂ. ૧,૮૧,૩૯૦ ની કિંમતનો ૧૮.૧૩૯ ગ્રામ ગાંજાનો જથ્થો કબજે કર્યો હતો.

તપાસમાં સમીર ઘાંચી દાણીલીમડામાં અને ફરદીન ગુલામરસુલ પઠાણ બેરલ માર્કેટ ખાતે રહેતો હોવાનું બહાર આવ્યું છે. તેમની પાસેથી પોલીસે ગાંજાનો જથ્થો, પલ્સર બાઈક, બે મોબાઈલ, રૂ.૫,૩૨૦ રોકડા તથા એરટેલ કંપનીનું ડોંગલ કબજે કર્યા હતા.

## વાવની વિધાનસભા પેટાચૂંટણીમાં કોંગ્રેસના ગુલાબસિંહને હરાવીને

# ભાજપના સ્વરુપજી ઠાકોરની ૨,૫૬૭ મતથી જીત

પાલનપુર,તા.૨૩

વાવમાં કોંગ્રેસના ગુલાબસિંહને હરાવીને ભાજપના સ્વરૂપજી ઠાકોર ૨,૫૬૭ મતથી જીત્યા છે. અત્યંત રસાકસીવાળા આ મુકાબલામાં છેક ૨૦માં રાઉન્ડ સુધી કોંગ્રેસ આગળ હતી, છેલ્લા ત્રણ રાઉન્ડમાં જ બાજી પલટાઈ હતી. ભાભરની મતપેટી ખૂલતા સ્વરૂપજીએ રીતસરની સરસાઈ કાપી હતી. ગુલાબસિંહ રાજપૂત મતગણતરી શરૂ થઈ ત્યારે એક તબક્કે ૧૪ હજાર મતની સરસાઈ ધરાવતા હતા. પણ સ્વરૂપજીએ પછી આ જંગી લીડ કાપીને છેલ્લા ત્રણ રાઉન્ડમાં બાજી મારી લીધી હતી. વાવ બેઠક ભાજપ માટે અત્યંત કપરી માનવામાં આવે છે. ભાજપ ૧૯૮૫ પછી આ બેઠક પર ફક્ત બે જ વખત જીત્યું છે. આ પુરવાર કરે છે કે ભાજપ માટે આ બેઠક જીતી કેટલી કપરી છે. વાવની આ બેઠકમાં ગેનીબહેનના લીધે ગુલાબસિંહનો વિજય જાણે નિશ્ચિત મનાતો હતો. પણ ભાજપને તળિયાના કાર્યકર સ્વરૂપજી ઠાકોર



પર મૂકેલો વિશ્વાસ ફળ્યો છે. તેની સાથે ભાભરના મતદારોએ સ્વરૂપજીમાં મૂકેલો વિશ્વાસ કામ કરી ગયો છે. ભાભરે સ્વરૂપજીને છેહ દીધો નથી. જ્યારે કોંગ્રેસને તેનો અતિ આત્મવિશ્વાસ નડી ગયો છે. વાવમાં જીત મળતાં જ વિધાનસભામાં પણ ભાજપની બેઠકોનો આંકડો વધીને ૧૬૩ પર પહોંચી ગયો છે. વાવમાં કોંગ્રેસ ગેનીબહેનના ભરોસે વધુ પડતી રહી ગઈ હતી, આ વાત તેને સમજાઈ ગઈ હશે. આના લીધે બીજા લોકો સાઈડલાઈન થઈ ગયાની ભાવના પણ કામ કરી ગઈ હોવાનું મનાય છે.કોંગ્રેસ પહેલેથી જ આ બેઠક જાણે મારા ગજવામાં છે તેવો જ તેનો અભિગમ રહ્યો હતો. લોકોને કોંગ્રેસને આ પ્રકારનો અભિગમ ન ગમ્યો. તેની સામે શાસક પક્ષે છેલ્લા મતદાર સુધી તેની પહોંચ બતાવી હતી. આ બાબત કામ કરી ગઈ હતી.










